**સુવિચાર**
દરેકને માટે એક જ સંકેત છે. બીજાને સમજાવવા કરતાં પોતાએ વધુ સમજવું જોઈએ. ઉપદેશ કરતાં અનુભવ માનવીને વધારે ઘડે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૮/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૨૦૧

## અંદાજિત સાડા ચાર મહિના બાદ કોંગી નેતા લોકસભામાં પ્રવેશ્યા

# રાહુલ ગાંધીનાં સાંસદપદને લોકસભાનાં સ્પિકરે મંજૂરી આપી

**વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાનાં તમામ સાથીદારોએ કોંગી નેતાને આવકાર્યા**

**લોકસભામાં આજથી અવિશ્વાસ દરખાસ્ત પર ચર્ચા શરૂ થવાની હોય તેવા સમયે કોંગી નેતાની એન્ટ્રી થઈ**

**અનેક ઉથલપાથલ બાદ અંતે સુપ્રીમ કોર્ટનાં આદેશથી રાહુલ ગાંધી પુનઃ સાંસદ બની ગયા**

**મણિપુર બાબતે રાહુલ ગાંધીનાં સવાલો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જવાબો કેવા હશે તેના પર દેશવાસીઓની નજર**







નવી દિલ્હી, તા.૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટ દ્વારા રાહત અપાયા બાદ હવે તેમના સાંસદ સભ્યપદને લઈ મોટા સમાચાર મળી રહ્યા છે. હવે લોકસભા સ્પીકરે તેમના સાંસદ પદ માટે મંજૂરી આપી દીધી છે. તેમનું સાંસદ પદ બહાલ થઈ ગયું છે. તેઓ હવે ફરી સંસદમાં જોવા મળશે. વિપક્ષી ગઠબંધન માટે આ મોટા સમાચાર માનવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે સુરતની કોર્ટે મોદી માનહાનિ કેસમાં ૨ વર્ષની સજા ફટકારી હતી તેના બાદથી તેમનું સાંસદ પદ છીનવી લેવાયું હતું. જોકે આ મામલે ગુજરાત હાઈકોર્ટે પણ તેમને આંચકો આપ્યો હતો અને સજા યથાવત્ રાખી હતી. જોકે છેવટે સુપ્રીમકોર્ટે આ મામલે સવાલો ઊઠાવતાં તેમને રાહત આપી હતી. જેના પછી રાહુલ ગાંધીની સજા પર રોક લગાવાઈ હતી. લોકસભા સચિવાલય તરફથી આ મામલે નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવતા કોંગ્રેસના કાર્યકરો અને

**અનુસંધાન પાના ૬ ઉપર**

## થોડા દિવસો પહેલા નશાકારક સીરપ ઝડપાયા બાદ

# બાબરા પંથકમાંથી વિદેશીદારૂની ૬૦૮ બોટલ ઝડપાતા ચકચાર મચી

**નાસી છૂટેલ આરોપીની શોધખોળ પોલીસે શરૂ કરી**

અમરેલી, તા. ૭

બાબરા પંથકમાંથી રૂપિયા ૬૦ લાખની શંકાસ્પદ આયુર્વેદિક સીરપ ઝડપાયાની ઘટનાના હજુ તો પડઘા શાંત પણ પડયા નથી ત્યાં બાબરા પંથકમાંથી વધુ ૬૦૮ જેટલી વિદેશી દારૂની બોટલ સહિત રૂપિયા ૭ લાખ ઉપરાંતનો મુદ્દામાલ ઝડપાતા ચકચાર મચી જવા પામી છે.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

આ બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિંમકરસિંહએ જિલ્લામાં દારૂ/જુગારની પ્રવૃતિ સદંતરત નેસ્તનાબુદ કરવા અને અસરકારક

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જૂના સિનેમા વિસ્તારની ઘટના

# ધારીનાં રહેણાંકી વિસ્તારમાં વિશાળકાય મગરમચ્છનાં આંટાફેરા

**ધોળે દિ'એ દેખા દેતાં ભયનો માહોલ**



અમરેલી, તા. ૭

ચાલું વર્ષે ગીર પંથકમાં ભારે વરસાદનાં કારણે અત્રેનાં શેત્રુંજી નદીનાં નીર ખોડિયાર ડેમમાં ઠલવાયા છે. ત્યારે નદીમાં આવેલ ઘોડાપુરમાં જંગલ વિસ્તારમાંથી મગ તણાયને આવ્યો હોય તેમ ધારી શહેરની મધ્યમાં આવેલ જુના સિનેમાં રોડ ઉપર આજે ધોળા દિવસે એક વિશાળકાય મગરમચ્છ જોવા મળતા આ વિસ્તારમાં વસતા લોકોમાં ભયનું લખલખુ પ્રસરી જવા પામ્યું છે. ત્યારે આ વિસ્તારનાં લોકો દ્વારા આ મગરને ઝડપી લઈ અને સલામત રીતે જંગલમાં મુકત કરવામાં આવે તેવી માંગ કરી રહ્યાં છે.

## ખાંભા નજીક આવેલ

# એક ગ્રામ્ય વિસ્તારમાં યુવતીને છરી બતાવી મોં ઉપર ડૂચો દઈ સંભોગ કરી ગર્ભ રાખી દીધો

**ખાંભા તાલુકાનાં નાનુડી ગામનાં ઈસમ સામે ફરિયાદ**

અમરેલી, તા. ૭

ખાંભા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી અને ઘરકામ કરતી ૨૫ વર્ષિય યુવતી ગત તા. ૫/૧૨/૨૨નાં રોજ બપોરે પાણી ભરવા ગયેલ ત્યારે ખાંભા તાલુકાનાં નાનુડી ગામે રહેતા સચિન ભીભાઈ વડેચા નામના શખ્સે ત્યાં આવી યુવતી સામે દાંત કાઢી ઈશારા કરેલ હતા અને બાદમાં બે–ત્રણ દિવસ પછી યુવતીએ ભાગીયું રાખેલ વાડીએ કામ કરતી હતી ત્યારે આરોપી સચીન વડેચાએ ત્યાં આવી યુવતીને છરી બતાવી ઢસડી અને લીંમડાનાં ઝાડ નીચે લઈ જઈ મોં માં ચૂંદડીનો ડૂચો મારી દઈ યુવતીની મરજી વિરૂધ્ધ બળજબ્બરીપૂર્વક સંભોગ કરી યુવતીને ગર્ભ રાખી દીધો હતો. અને આ બનાવ અંગે જો કોઈને પણ જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.




## વ્હીસલ બ્લોઅરની રજૂઆત બાદ નિર્ણય

# સા.કુંડલા શહેરની ખાનગી હોસ્પિટલ અને મેડિકલ સ્ટોરની ચકાસણી કરાશે

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટે યોગ્ય કરવા સૂચના આપી**

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા શહેરમાં છેલ્લા બે મહિનાથી ખાનગી હોસ્પિટલો તથા મેડિકલ સ્ટોર બાબતે સામાન્ય પ્રજામાંથી જુદી–જુદી ફરિયાદો આવતી હતી. આ બાબતો ફ્રી લાન્સ જર્નાલિસ્ટ પ્રતાપભાઈ ખુમાણની નજરમાં આવતા તેમણે તમામ અખબારોમાં આ સમસ્યાઓ પ્રસિદ્ધ કરાવી હતી. આ ઉપરાંત તાલુકા જિલ્લા અને રાજયકક્ષાએ તથા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## એસપીની સુચનાથી તાલુકા પોલીસનો સપાટો

# અમરેલીનાં મોટા આંકડીયા ખાતે તીનપત્તીનો જુગાર રમતા ૭ પત્તાપ્રેમી ઝડપાયા

**રૂપિયા ૫૦,૧૫૦ નો મુદ્દામાલ કબ્જે થયો**



અમરેલી, તા. ૭

અમરેલીનાં પોલીસ અધિક્ષક દ્વારા દારૂ જુગાર જેવી બદી દૂર કરવા સારૂ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે પ્રોબેશ ૨ આઈ.પી.એસ. ગૌરવ અગ્રવાલની રાહબરી હેઠળ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ટીમે ગત તા.૫ નાં રોજ બાતમીનાં આધારે મોટા આંકડીયા ગામે ઉપરકોટ વિસ્તારમાં સુરેશભાઈ કનુભાઈ નાકરાણીનાં મકાન પાસે ચોકમાં જાહેરમાં પૈસા–પાના વડે હાર–જીતનો તીનપત્તીનો જુગાર રમતા દિનેશભાઈ નરશીભાઈ ગોહીલ(રહે. ચિતલ) વાળા સહિત સાત ઈસમોને રોકડા રૂપિયા ૫૦,૧૫૦ સાથે પકડી પાડી તેના વિરૂધ્ધમાં ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

**જોઈએ છે**
**કમ્પ્યુટર ઓપરેટર**
(ફુલટાઈમ)
પટેલ મંડપ સર્વિસ
સંપર્ક : વજુભાઈ પટેલ
મો. ૯૪૨૬૯ ૦૦૦૦૦



**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 9723799091
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

### શહેરીજનોમાં કામગીરીની ભારે પ્રશંસા

# સાવરકુંડલાનાં યુવા નગરસેવકોએ જનતાબાગની પ્રેરણાદાયી સફાઈ કરી

### જિલ્લાનાં દરેક નગરસેવકોએ પ્રેરણા લેવી જરૂરી

સાવરકુંડલા, તા. ૭

હાલ ચોમાસાની સિઝન હોવાથી સાવરકુંડલાનાં જાહેર જનતા બાગમાં ઘાંસ, ખડ ખૂબ ઉગી નીકળ્યું હતું. અહી વહેલી સવારમાં અનેક લોકો મોર્નિંગ વોક માટે આવે છે. સાવરકુંડલા શહેરના અગ્રણી, ડોકટરો, વકીલો, સારા નાગરિકો અહીં વહેલી સવારે મોર્નિંગ વોક માટે આવતા હોવાથી અહી લોકોને વારંવાર મુશ્કેલ થઈ રહી હતી. ત્યારે વધુ પડતા ચોમાસાને કારણે ઘાસ ખૂબ પુષ્કળ પ્રમણમાં નીકળ્યું હતું જે કારણોસર જીવજંતુ, મચ્છરનો ખૂબ ત્રાસ હતો. આથી સતત બે વર્ષ બાદ સાવરકુંડલાના નગરપાલિકાના સદસ્ય પ્રતિકભાઈ નાકરાણી, મેહુલભાઈ ત્રિવેદી તથા જીગ્નેશભાઈ ધ્વારા આઠ દિવસ પોતાનો કિંમતી સમય ફાળવી લગભગ મજૂરોની ફોજ ખડી કરી અહીં આ તમામ ઘાસનો નિકાલ કરી જનતાબાગની સાફ–સફાઈ કરી સાફ સુથરૂ બનાવ્યું હતું. જે સાફ–સફાઈ થઈ જતાં જીવજંતુનો નાશ થયો હતો અને લોકો અહી ફરવા, મોજ માણવા માટે પણ સતત જનતાબાગમાં આવી રહ્યા છે. ત્યારે બે વર્ષથી કોઈ સાફ–સફાઈ થઈ ન હોવાને કારણે જનતાબાગમાં ભારે કચરો તથા ઘાસ ઉગી નીકળ્યું હતું



જે કારણોસર લોકોને ભારે હાલાકી પડતી હતી. લોકોને સાંજે ફરવા માટેનું એકમાત્ર સ્થળ હોવાથી લોકોની ફરિયાદ પ્રતિકભાઈ તથા મેહુલભાઈ ત્રિવેદીને મળતા તેઓએ રૂબરૂ ઘટના સ્થળ પર જઈ અને આ બગીચાને સાફ–સફાઈ કરાવી હતી. અહી તેઓ ધ્વારા મજૂરોની ફોજ મુકી દેવામાં આવી હતી અને તમામ ઘાસને કાઢી અને સફાઈ કરાવતા હાલ ફરીથી હવે લોકો બિન્દાસ ફરી શકે છે અને મોર્નિંગવોક વાળા પણ અહીં સવારમાં મોર્નિંગ તાજગી અનુભવી રહ્યા છે. ત્યારે પાલિકાનાં સદસ્ય મેહુલભાઈ ત્રિવેદી, પ્રતિકભાઈ નાકરાણી તથા જીગ્નેશભાઈ ધ્વારા આ કામગીરી હાથ ધરાઈ હતી. તેમની પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. એમ સોહિલ શેખની એક યાદીમાં જણાવાયું હતું.

# ધારી માર્કેટયાર્ડમાં નવા કપાસની આવક

### નવા કપાસનાં મુર્હુતના ભાવ ૨૧૦૧ બોલાયા

ધારી, તા. ૭

આજરોજ ધારી માર્કેટયાર્ડમાં નવી સીઝનના નવા કપાસની આવક થઈ હતી. આ નવા કપાસની હરરાજીનો પ્રારંભ શ્રીફળ વધેરી ખેડૂત સુરેશગીરી મનસુખગીરી ગૌસ્વામી ધ્વારા કરવામાં આવેલ.

આજરોજ નવા કપાસની હરરાજીમાં મુર્હુતનો ભાવ રૂા. ૨૧૦૧ બોલાયો હતો જયારે અન્ય કપાસનો ભાવ રૂા. ૧૧૩૫ થી ૧૫૩૦ રહ્યો હતો.

# સાવરકુંડલાનાં લઘુમતી કોંગી અગ્રણી રૂસ્તમભાઈનો આજે જન્મદિવસ

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા શહેર કોંગ્રેસ માઈનોરીટી ડિપાર્ટમેન્ટનાં પ્રમુખ રૂસ્તમભાઈ કાસમભાઈ સમાનો આજે જન્મદિવસ છે. તેમનો ૪૦ માં વર્ષમાં પ્રવેશ થયો છે. મુસ્લિમ અગ્રણી અને નેક ઈન્સાન કાસમભાઈ સમાની ત્યાં ગત તા. ૮/૮/૧૯૮૪નાં રોજ જન્મ લેનાર રૂસ્તમભાઈ સમા લોકોની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે ભારે ઉત્સાહિત છે તેમજ તોકતે વાવાઝોડું કોરોના વાયરસ જેવી કુદરતી આફતોમાં માનવતા દાખવી નોંધપાત્ર કામગીરી કરી હતી અને હાલ કરતા આવે છે. યુવા વર્ગ નેતા તરીકે



ઓળખાતા રૂસ્તમ સમાની માનવતારૂપી કામગીરી ખૂબ જ પ્રચલિત છે. તેવા નીડર, નિષ્ઠાવાન અને ઉત્સાહી યુવા અને કોંગ્રેસ લઘુમતી સેલનાં પ્રમુખ રૂસ્તમ સમાનાં જન્મદિવસ નિમિત્તે તેમનો મો.નં. ૯૭૨૪૧ ૩૨૫૦૬ ઉપર શુભેચ્છાની વર્ષા થઈ રહી છે.

### એસ.પી.ની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# જાફરાબાદ : મરીન પો.સ્ટે.નાં બે અનડીટેકટ ગુનાઓનો ભેદ ખુલ્યો

### પોલીસે રૂપિયા ૨,૩૯,૭૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો

અમરેલી, તા. ૭

જાફરાબાદ મરીન પો.સ્ટે.નાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. પી.એલ. ચૌધરીની રાહબરી તેમજ જાત મહેનત હેઠળ જાફરાબાદ મરીન ટીમ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સોર્સીસ દ્વારા આરોપીઓને પકડી તેમની પાસેથી ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલકબ્જે કરી કુલ રૂા. ૨,૩૯, ૭૦૦/–નાં મુદ્દામાલ સાથે પકડી મરીન પો.સ્ટે.નાં અનડીટેકટ ગુના ઉકેલવામાં આવેલ છે.

૧. વિસામણભાઈ ઉર્ફે દિલો સોમાતભાઈ સાંખટ રહે. મિતીયાળા, ૨. વિક્રમભાઈ બાલુભાઈ સાંખટ રહે. લુણસાપુર, ૩. ધીરૂભાઈ જેઠાભાઈ સોલંકી રહે. હિંડોરણા ગૌશાળાની પાછળ, ૪. દિપકભાઈ વાલજીભાઈ સોલંકી રહે. અકતરીયા,



તસ્વીર : બાલક્રિષ્ન સોલંકી–જાફરાબાદ

૧. કેબલનો બાળેલો ત્રાંબાનો તાર ૧૭૧ કિલો કિ.રૂા. ૧,૧૯,૭૦૦/– ૨. જનરેટર કિ.રૂા. ૧, ૨૦,૦૦૦/–નો મુદ્દામાલ સાથે અટકાયત કરેલ છે.

ઉપરોકત કામગીરી જાફરાબાદ મરીન પો.સ્ટે.નાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. પી.એલ. ચૌધરી તેમજ જાફરાબાદ મરીન પો.સ્ટે.નાં બીટ ઈન્ચાર્જ રણજીતભાઈ ચૌહાણ તથા રાધેશ્યામ દુધરેજીયા તથા ડીસ્ટાફ હેડ કોન્સ. બાલુભાઈ નાગર તથા પોલીસ કોન્સ. વિજયભાઈ બારૈયા તથા હેડ કોન્સ. રમેશભાઈ રાઠોડ તથા સુરેશભાઈ ડાભી તથા મહેશભાઈ હિમાસીયા તથા મહેશભાઈ સોલંકી તથા પો.કોન્સ. જયેશભાઈ જીંજાળા તથા અશોકભાઈ કલસરીયા તથા વિક્રમભાઈ ભુકણ તથા ઉમેશભાઈ ભાણકુભાઈ તથા એસઆરડી ભાવેશભાઈ દ્વારા કરવામાં આવેલ છે.

### જાફરાબાદ નજીક આવેલ

# હેમાળ–લોર ગામ વચ્ચે જુગાર રમતા ૪ ઈસમો રંગે હાથ ઝડપાયા

### રોકડ રકમ રૂા. ૩૧૬૦૦ સહિતનો મુદ્દામાલ કબ્જે

અમરેલી, તા. ૭, જાફરાબાદ તાલુકાનાં વઢેરા ગામે રહેતા જાદવભાઈ પૂંજાભાઈ બાંભણીયા સહિત ૪ ઈસમો જાફરાબાદ તાલુકાનાં હેમાળ–લોર ગામ વચ્ચે દાતરડી સીમમાં નેસવાળા રસ્તામાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે નાગેશ્રી પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂા. ૩૧૫૦૦ તથા હાથબતી–૧ રૂા. ૧૦૦ મળી કુલ રૂા. ૩૧૬૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

### ગામથી લઈને ગાંધીનગર અને શહેરથી લઈને સચિવાલય સુધી

# ગુજરાતમાં અનેકક્ષેત્રોમાં ડમી કાંડ સામે ભાજપ સરકારનું ભેદી મૌન : કોંગ્રેસ

### ભ્રષ્ટાચારનાં ખેલમાં ગુજરાતીઓ ભોગ બની રહ્યા છે

અમરેલી, તા. ૭

ગુજરાતમાં શિક્ષણ જગત માટે ચિંતા જનક રીતે ડમી સ્કુલોનો વેપાર ચાલી રહયો છે. રાજયમાં ડમી ડોકટરો એન ડમી શિક્ષકોની પણ વ્યાપક ફરિયાદો સામે આવી છતાં શિક્ષણ વિભાગ અને ઉંધી રહયુ છે. સીસીસી+ ના ડુપ્લીકેટ સર્ટીફિકેટ, ડા ના ડુપ્લીકેટ સટીફિકેટ, ગુણસુધારણા કૌભાંડો, ડમી કાંડ અને શાળા કોલેજ, યુનીવર્સિટી અને સરકારી ભરતીમાં પેપર લીક દ્વારા કોરોડો રૂપિયાનો વેપાર એ ભાજપ સરકારની ઓળખ બની છે. રાજયમાં રોજ નીતનવા કૌભાંડોની હારમાળા વચ્ચે લાંબા સમયથી વિવિધ ક્ષેત્રમાં ચાલતા ડમી અને ડૂપ્લીકેટનાં ધમધમતા વેપલા અંગે ભાજપ સરકારનાં ભેદી મૌનની સીલસીલાબંધ હકીકતો સાથે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં કૌભાંડોની હારમાળામાં એક જ પ્રકારે દેખાય છે. અને તે છે ડમી અને ડૂપ્લીકેટની બોલબાલા...! રાજયમાં શૈક્ષણિક પ્રવેશ માટે જાતિ પ્રમાણપત્રો, માર્કશીટો, પદવી પ્રમાણપત્રોનો ગેરકાયદેસર મોટા પાયે વેપલો ચાલી રહયો છે. છતાં રાજય સરકાર અનેક જિલ્લામાંથી ફરિયાદો છતા નકકર કામગીરી કરવાને બદલે ઢાંકપિછોડો કીર રહી છે. સરકારી ભરતીમાં મોટા પાયે ડમીકાંડએ ભાજપ સરકારની આગવી સિધ્ધી છે. મોટાપાયે ડમી રેકેટથી લાયકાત ધરાવતા હજારો યુવાનોનાં ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે. રાજયમાં જેને કાયદો – વ્યવસ્થા– સુરક્ષાની જવાબદારી સ્વીકારવાની છે તે પોલીસ તંત્રમાં ડમી પી.એસ.આઈ. ડમી પોલીસનાં કિસ્સા સામે આવ્યા પછી માત્ર તપાસના નામે સમગ્ર બાબત પર ઢાંકપીછોડો કરવામાં સરકાર માહિર છે.


ગુજરાતમાં મિ.નટવરલાલ, નકલી અધિકારીઓ બેરોકટોક કરોડો રૂપિયાનાં હેરફેર કરે છતાં તંત્ર સબ સલામતનાં દાવા કરે છે. આ ડમી–ડુપ્લીકેટોનાં ખેલ એક સંયોગ છે કે પ્રયોગ ? પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)ના ડાયરેકટર તરીકે ઓળખ આપી Z+ સિકયુરીટી, બુલેટપ્રૂફ વાહનોથી પાકિસ્તાન બોર્ડર સુધી પહોંચી જનાર કિરણ પટેલને કોના આર્શિવાદ હતા ? પ્રધાનમંત્રી કાર્યાલય PMOના ટેકનો સર્વેલનસનાં અધિકારી તરીકે ઓળખ આપી મોટા પાયે કોન્ટ્રાકટ અપાવી મોટી રકમની હેરફેર કરનારને કોના આર્શિવાદ હતા ? પ્રધાનમંત્રી કાર્યાલયનાં સ્ટ્રેટેજી ડાયરેકટર તરીકે ઓળખ આપીને ખેલ રચનારને કોના આર્શિવાદ હતા ? ભારત સરકારના નિતિ આયોગનાં અધિકારી તરીકે ઓળખ આપીને ખેલ રચનારને કોના આર્શિવાદ હતા ? ભારત સરકારનાં નિતિ આયોગનાં અધિકારી તરીકે ઓળખ આપી બેંકો સાથે ૫૦૦ કરોડ રૂપિયાની ઠગાઈ કરનાર સંદીપ શેરપુરીયાને કોનાં આર્શિવાદ હતા ? ઈન્કમટેક્ષનાં અધિકારી તરીકે ઓળખ આપી છેતરપીંડી કરનાર પ્રિતેશ મિરજાને કોના આર્શિવાદ હતા ? સીબીઆઈનાં સોશ્યલ ઓફીસર તરીકે ઓળખ આપનાર રાજેશ મિશ્રાને કોના આર્શિવાદ હતા ? એન.આઈ.એ.નાં અધિકારી તરીકે ઓળખ આપનાર ગુંજન કાંતિયાને કોના આર્શિવાદ હતા ?

ભાજપ સરકારની ભ્રષ્ટ નીતિ રીતિ અને પોપાબાઈનાં રાજની જેમ નકલી / ડૂપ્લીકેટોનાં બેરોકટોક વેપલા અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજયમાં અન્ય યુનિવર્સિટીનાં પ્રમાણપત્રો, રાજયનાં નકલી એન ડૂપ્લીકેટ બેંક એકાઉન્ટ, આધારકાર્ડ, રેશનકાર્ડ, મરણનાં પ્રમાણપત્રો, નકલી દસ્તાવેજો, નકલી ચલણી નોટો, નકલી સ્ટેમ્પ પેપરો, નકલી બિયારણ, ખાતર, જંતુનાશક દવા, ડૂપ્લીકેટ ઈન્જેકશન, ડૂપ્લીકેટ ઘી, તેલ, મસાલા, ખાદ્ય પદાર્થો સહિત અનેક રીતે કરોડો રૂપિયાનો ખેલ બેરોકટોક ચાલી રહયો છે. સમગ્ર વ્યવસ્થામાં ગામથી લઈ ગાંધીનગર એન શહેરથી લઈ સચિવાલય સુધી આ ભ્રષ્ટાચારના ખેલમાં ગુજરાતનાં હજારો નાગરિકો ભોગ બની રહયા છે. છતાં ભાજપ સરકાર ભેદી મૌન ધારણ કરી રહી છે.

### અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની માંગ

# સા.કુંડલા–જેસર રૂટ ઉપર બપોરે ૧૨:૩૦ કલાકે એસ.ટી. બસ સેવા શરૂ કરો

### એસ.ટી. ડેપોનાં મેનેજરને પત્ર પાઠવ્યો



સાવરકુંડલા, તા. ૭

જેસર–સાવરકુંડલા રૂટની બસમાં ઘણાં બધાં વિદ્યાર્થીઓ મુસાફરી કરી અભ્યાસ અર્થે સાવરકુંડલા આવે છે જે રિટર્ન જવા માટે બપોરની જેસર તરફ જતી બસનું સમયપાલન નિયમિત જોવા મળતું નથી. જેથી વિદ્યાર્થીઓને હેરાનગતિનો સામનો કરવો પડે છે.

જેથી બપોરે ૧૨:૩૦ વાગ્યે સાવરકુંડલા–જેસર રૂટની બસની વ્યવસ્થા નિયમિત અને તાત્કાલિક ધોરણે કરવામાં આવે તેવી વિદ્યાર્થી પરિષદની માંગ છે. જો આ અંગે વિદ્યાર્થી હિતમાં તાત્કાલિક ધોરણે નિર્ણય નહિ આવે તો વિદ્યાર્થી પરિષદ આવનારા સમયમાં ગાધી ચિંધ્યા માર્ગે ઉગ્રમાં ઉગ્ર આંદોલન કરશે.

# લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૩ ઓગષ્ટે યોજાશે

અમરેલી, તા. ૭

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે.

તાલુકા કક્ષાનાં પ્રશ્નો અને ફરિયાદો મોડામાં મોડા તા. ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ મારફતે મળી જાય તે રીતે પહોંચતા કરવા.

સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયનાં પ્રશ્નો રજૂ કરવા અરજીનાં મથાળે ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### આજે સવારે ૧૦ કલાકે કોંગી કાર્યાલયમાં

# અમરેલી ખાતે કોંગ્રેસ પક્ષનાં ઓબીસી સમાજનાં આગેવાનોની બેઠક યોજાશે

### પ્રદેશ કોંગ્રેસનાં કાર્યકારી પ્રમુખ પણ ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૭

અમરેલી ખાતે કોંગ્રેસ પક્ષનાં ઓબીસી આગેવાનોની બેઠક મંગળવારે સવારે ૧૦ કલાકે કોંગી કાર્યાલય ખાતે યોજાશે.

આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં કાર્યકારી પ્રમુખ ઋત્વિક મકવાણા ઉપસ્થિત રહેશે.

### જિલ્લા શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતની રજૂઆત

# લીલીયામોટા ગામ પંચાયત દ્વારા અનિયમિત પાણી વિતરણ થતાં પરેશાની

### જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો

લીલીયા, તા. ૭

લીલીયા મોટા ગામ પાણી પુરવઠાની ભીંગરાડ જૂથ યોજના હેઠળ સમાવેશ થયેલ છે અને પાણી પુરવઠા વિભાગ દ્વારા લીલીયા ગામનાં સંપ સુધી સમયસર પાણી પહોંચાડવામાં આવે છે અને લીલીયા ગ્રામપંચાયત દ્વારા સંપથી ગામમાં પાણીની



વહેંચણી કરવાની હોય છે. પરંતુ લીલીયા ગ્રામપંચાયત દ્વારા વાલમેન રાખવામાં આવેલ નથી. જેથી ગામની જાહેર જનતાને સમયસર પાણી મળી રહે તેવી વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરવા જિલ્લા શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દૂધાતે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવીને કરી છે.

# સાવરકુંડલા ખાતે રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી પરિચય વ્યાખ્યાન યોજાયું



સાવરકુંડલા શહેરમાં આવેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત કાણકિયા કોલેજમાં રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીના જીવન– કવન – સાહિત્ય પર આધારિત એક પરિચય વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ.ડો.એસ. સી.રવિયાએ પ્રાસંગિક ઉદબોધનમાં વકાનો પરિચય આપી શ્રી ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્ર – ગીરના પ્રવાસો કરી ઉત્તમ લોક સાહિત્યનું કઈ રીતે સર્જન કરેલ ? તે અંગે વાત કરેલ, વધુમાં તેઓએ જણાવેલ કે આજના સાંપ્રત સમયમાં એક પણ લોકડાયરો એવો નહીં હોય જેમાં મેઘાણી સાહિત્ય કે લોકગીતોનો ઉલ્લેખ થતો ન હોય.વક્તા શાંતિભાઈ રાણીંગાએ ૪૫ મિનિટના પોતાના અસ્ખલિત વ્યાખ્યાનમાં મેઘાણી જીવન – કવન – લોક સાહિત્ય – લોકગીત સર્જનની અસંખ્ય વાતો ખૂબ જ રસપ્રદ રીતે કરેલ તેમજ પોતાના વ્યાખ્યાનમાં મેઘાણીની સાહિત્ય સર્જનની વાતો સાથે લોકગીતોની રમઝટ બોલાવી વિદ્યાર્થીઓને રસ તરબોળ કરી દીધેલ. આકાશવાણી કેન્દ્ર રાજકોટના લોકગાયક શાંતિલાલ રાણીંગા છેલ્લા ઘણા વર્ષોથી મેઘાણી કથા કરે છે અને આ કથા દ્વારા ૩૦૦ થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં પોતાના વ્યાખ્યાન આપી ચૂકયા છે. તેમના દ્વારા આ મેઘાણી કથા સંપૂર્ણ નિશુલ્ક કરવામાં આવે છે તેમજ જયાં કથા કરવાની થાય ત્યાં સરકારી બસ મારફત જ મુસાફરી કરે છે. કાર્યક્રમના અંતે પ્રિ.ડો.એસ.સી. રવિયાએ વક્તા શાંતિભાઈ રાણીંગાનો વિશેષ આભાર વ્યક્ત કરેલ તેમજ આગામી તા.૨૮/૮/૨૩ના રોજ ઝવેરચંદ મેઘાણી જન્મ જયંતિ દિવસ નિમિત્તે મેઘાણી કથાનું કોલેજના જ યજમાન પદે ભવ્ય આયોજન કરેલ છે તે માટે તેઓને ફરી આમંત્રિત કરેલ. સમગ્ર વ્યાખ્યાનનો વિદ્યાર્થીઓએ ખૂબ રસપૂર્વક આનંદપૂર્વક લાભ લીધેલ તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજ સ્ટાફ પરિવારે વિશેષ જહેમત ઉઠાવેલ એમ પાર્થ ગેડીયા દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

## અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# માતા–પિતાની સમંતિ વગર થતાં લવ મેરેજ ઉપર રોક લગાવો

**વિશ્વ હિન્દુ પરિષદ વર્ષોથી આ પ્રકારની માંગ કરતી હોય ઝડપથી યોગ્ય નિર્ણય કરવા માંગ કરવામાં આવી**

**દીકરા–દીકરીને પગભર કરવામાં માતા–પિતાનું મહત્વનું યોગદાન હોય વિશ્વાસમાં લેવા જરૂરી**

**મુખ્યમંત્રીએ તાજેતરમાં આપેલ નિવેદનને વિશ્વ હિન્દુ પરિષદે આવકાર્યુ**

**મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ, નાયબ દંડક અને સાંસદને પત્ર પાઠવવામાં આવ્યો**

અમરેલી, તા. ૭

માતા–પિતાની સંમતિ વગર થતાં લવ મેરેજ ઉપર રોક લગાવવા અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ધ્વારા અવાજ ઉઠાવવામાં આવ્યો. લવ મેરેજ બાબતે માતા–પિતાની સંમતિ ફરજિયાત હોવી જોઈએ જે માતા–પિતાએ પોતાના સંતાનનો લાકોડથી ઉછેર કર્યો હોય તેમજ દીકરા–દીકરીનાં સપનાઓ પૂરા કરવામાં સાથ સહકાર આપ્યો તો એ જ મા–બાપને પોતાના સંતાન માટે યોગ્ય જીવનસાથી પસંદ કરવાનો પૂરો હકક છે. આ માટે જે દીકરા–દીકરી લવ મેરેજ કરે તો તે માટે માતા–પિતાની સંમતિ ફરજિયાત હોવી જ ોઈએ. એ બાબતે સૌરાષ્ટ્ર પ્રાંતના ઉપાધ્યક્ષ હંસાબેન માકાણી, અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદનાં અધ્યક્ષ હિતેશભાઈ મહેતા તેમજ ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ અને રશ્મીનભાઈ ત્રિવેદી સહિતનાં કાર્યકરો ધ્વારા મુખ્યમંત્રી, ગુજરાત ભાજપ પ્રમુખ, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ નારણભાઈ કાછડીયાને પત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવેલ છે કે લવ મેરેજ બાબતે માતા–પિતાની સંમતિ ફરજિયાત હોવી જ જોઈએ તેમજ સંમતિ વગરના લવ મેરેજને અયોગ્ય ઠરાવે એવો કાયદો સરકાર ધ્વારા વટહુકમથી વિધાનસભામાં બિલ પસાર કરીને બનાવવામાં આવે. તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ધ્વારા લવ મેરેજ બાબતે આપવામાં આવેલ નિવેદનને વિશ્વ હિન્દુ પરિષદ આવકારે છે. આ બાબતમાં સરકાર કંઈક આગળ નિર્ણય લેવાનો વિચાર કરે એવી અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ધ્વારા માંગણી કરવામાં આવી છે.

### ઘણા વર્ષોથી મુંબઈ ખાતે સ્થાઈ થયા હતા

## સાવરકુંડલાનાં અખબારી એજન્ટ પ્રદિપભાઈ દોશીનાં બંધુ મહેશભાઈનં નિધન

**આજે સાંજ ૪ થી ૬ સાવરકુંડલા ખાતે પ્રાર્થનાસભા યોજાશે**



સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલામાં છેલ્લા ૧૦૦ વર્ષથી અખબારી જગતમાં નિષ્ઠા પ્રમાણિકતા નિયમિતતા સાથે અખબારી કેડી કંડારનાર કેડી દોશી પરિવારનો સહયાત્રી મહેશભાઈએ અચાનક જ આ દુનિયામાંથી વિદાય લીધી અખબારી ક્ષેત્રે કેડી દોશી પરિવારના કાંતિલાલ દોશીનો પુત્ર મહેશભાઈ ૫૦ વર્ષથી સાવરકુંડલામાં નિયમિત રીતે દરેક ગામડાનાં છેવાડાનાં માણસ સુધી અખબારો પહોંચેએ માટે સવારે વહેલા ચાર વાગે ઉઠીને નિયમિત રીતે કોઈપણ પરિસ્થિતિમાં પહોંચી જઈ લોકો સુધી અખબારો પહોંચાડાતા હતા. સ્વભાવે ભોળા નિખાલસ અને કોઈપણ આંડબર વિના તેમની આ અવિરત યાત્રાને લાંછનનો લાગે તે માટેનાં તેમનાં પ્રયાસો આજે યાદગાર બની ગયા છેલ્લા દસ વર્ષથી મહેશભાઈ મુંબઈ ખાતે નિવૃત્ત જીવન વિતાવતા હતા. પુત્ર મૌલિકને મુંબઈ ખાતે પોતાનો બિઝનેશ હોય અને તેમની બે દીકરી (ભૂમિકા અને શીતલ)ઓ મુંબઈ ખાતે સાસરે હોય તેઓએ પરિવારનાં આગ્રહને વશ થઈ મુંબઈ ખાતે નિવૃત જીવત વિતાવવાનું નિર્ણય કર્યો હતો. અને છેલ્લા દસ વર્ષથી મુંબઈ ખાતે નિવૃત જીવન વિતાવતા હતા. અચાનક જ તેઓને હાર્ટ એટેકનો હુમલો આવતા આ દુનિયામાંથી વિદાય લીધી એ આનંદ કિલ્લોલ અને એ હસી મજાક શોકમાં ફેરવાઈ ગઈ એમ કહેવાય છે. કે ઘરનો મોભી અચાનક જ વિદાય લે ત્યારે પરિવાર નિરાધાર થઈ જાય છે. પરંતુ મૃત્યુએ સનાતન સત્ય છે. દરેકે સ્વીકારવું જોઈએ.

સાવરકુંડલામાં કાંતિલાલ દોશી (કે.ડી.)ની સો વર્ષની અખબારી યાત્રાનાં તેમનાં બે પુત્રો મહેશભાઈ અને પ્રદીપભાઈ અખબારી ક્ષેત્રે નિષ્ઠાપુર્વક નિયમિતતા અને પ્રમાણિકતાથી કામ કરી રહયા હતા. ત્યારે મોટાભાઈ મહેશભાઈ નિવૃતિ લઈ મુંબઈ ગયા પછી સમગ્ર સાવરકુંડલા શહેર અને તાલુકામાં પ્રદીપભાઈ દોશીએ આ વારસાગત અખબારી જગતની સેવાને અવિરત પણે શરૂ રાખી છે. જે અમરેલી જિલ્લો નહી પણ સમગ્ર ગુજરાતમાં ઈમાનદારી નિયમિતતા અને પ્રમાણિકતાનાં સદગુણોને જાળવી રાખ્યા છે. એમ કહીએ તો ખોટું નહી.

મહેશભાઈની પ્રાર્થના સભા તા.૮/૮/૨૦૨૩ ને મંગળવારનાં રોજ સાંજે ૪ થી ૬ વિશાશ્રી માળી જૈન મહાજન વાડી, સાવરકુંડલા ખાતે રાખવામાં આવી છે.


## અમરેલી : એ.આર.ટી.ઓ દ્વારા તા. ૧૦ ઓગષ્ટે ધારી ખાતે રી–પાસીંગ કેમ્પ

અમરેલી, તા. ૭

જિલ્લાનાં ધારી તાલુકાનાં વાહન માલિકો અને કબ્જેદારો માટે એ.આર.ટી.ઓ. અમરેલી દ્વારા તા. ૧૦ ઓગષ્ટ ૨૩ ને ગુરૂવારનાં રોજ સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ વાગ્યા સુધી ધારી સ્થિત રેસ્ટ હાઉસ ખાતે રી–પાસીંગ અને પાસીંગ કેમ્પ યોજાશે.

તેમ એ.આર.ટી.ઓ. અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## સાવરકુંડલા : ગુરૂકુળમાં ૩૧૮મો નેત્ર કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા શહેરની જાણીતી સામાજિક શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થા એટલે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સાવરકુંડલામાં ૩૧૮મો નેત્ર યજ્ઞ યોજવામાં આવ્યો. જેમાં કુલ ૧૧૩ દર્દીઓ હાજર રહયા હતા. જેમાંથી ૧૭ દર્દીઓને મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા બાકીના તમામને વિનામુલ્યે દવા ટીપા તેમજ ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

સંસ્થાના અક્ષર નિવાસી પરમ પૂજય જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં આ નેત્ર કેમ્પ યોજવામાં આવ્યો જેના દાતા કીર્તિકુમાર ચંપકલાલ બોરડીયા મુંબઈ નિવાસી રહયા હતા. આ કેમ્પમાં આવેલ તમામ દર્દી નારાયણને નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતુ. સંસ્થામાં દર માસના પ્રથમ શુક્રવારે નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. સંસ્થાના વડા પરમ પૂજય શાસ્ત્રી ભગવત પ્રસાદદાસજી સ્વામી તેમજ સંસ્થાના પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામીના માગૃદર્શન નીચે કોઠારી સ્વામી અક્ષરમુકતદાસજી સ્વામીએ નેત્ર કેમ્પની તમામ વ્યવસ્થા સંભાળી હતી. તેત્ર યજ્ઞમાં વીરનગરથી પધારેલ શિવાનંદ મિશનના ડોકટરોની સેવા રહી હતી.

### પશુપાલક અને ડેરી મંત્રી રૂપાલાના હસ્તે

## અમરેલીના રાજસ્થળી ખાતે પંચાયત ભવન, અત્યાધુનિક કોમ્પ્યુટર લેબનું થયું લોકાર્પણ

**નાયબ મુખ્યદંડક, કૌશિક વેકરિયા પણ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૭

રાજય અને કેન્દ્ર સરકારની વિકાસયાત્રામાં છેવાડાના ગામડાઓ સુધી પ્રાથમિક સુવિધાઓ માટેના કાર્યો પૂર્ણ થતા અવિરત વિકાસ થઈ રહયો છે. અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે તૈયાર થયેલા અત્યાધુનિક ગ્રામ પંચાયત ભવન સહિતના વિકાસ કાર્યોનું લોકાર્પણ કેન્દ્રીય ફિશરીઝ, પશુપાલન, ડેરી મંત્રી પરશોતમભાઈ રૂપાલાના હસ્તે નેશનલ કો–ઓપરેટીવ યુનિયન અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતુ. આ કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરીયાએ પણ ઉપસ્થિત રહી ગામમાં વિકસેલી નવી સુવિધાઓનું નિરીક્ષણ કર્યુ હતુ અને તેમણે ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા.

ગ્રામજનોની સુવિધા માટે રાજસ્થળીમાં રૂા. ૧૮ લાખના ખર્ચે અત્યાધુનિક પંચાયત ભવન, લોક ભાગીદારીથી કોમ્પ્યુટર લેબ અને વોટરશેડ અંતર્ગત રૂા. ૯૦ હજારના ખર્ચે શાળાના વોટર ફિલ્ટર પ્લાન્ટ, પેવર બ્લોક સહિતના વિકાસ કાર્યોને લોકાર્પણ કરતા કેન્દ્રીય મંત્રીએ ગ્રામજનોને શુભેચ્છાઓ પાઠવી હતી. ગામના દાતા મગનભાઈ સેંજલિયાના સહયોગથી આશરે રૂા. ૨૧ લાખના ખર્ચે, ૧૫માં નાણા પંચના અનુદાનમાંથી નવનિર્માણ પામેલા કોમ્પ્યુનિટી હોલમાં લેપટોપ સાથેની કલાસલેબ તૈયાર કરવામાં આવી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલાએ જણાવ્યું કે, આ પ્રકારની અત્યાધુનિક કોમ્પ્યુટર લેબ અમરેલી જિલ્લામાં સંભવતઃ પ્રથમવાર નિર્માણ પામી છે જેનો લાભ વિદ્યાર્થીઓને મળશે. અગાઉના અને વર્તમાન સમયના શિક્ષણના અંતર વિશે કેન્દ્રીય મંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ગામડામાં આ પ્રકારની કોમ્પ્યુટર લેબ સાથેનું શિક્ષણ એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જે નવા ભારતની વાત કહી રહયા છે તેનો બોલતો પુરાવો છે.

આ કાર્યક્રમમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ગામના સરપંચ ગણપતભાઈ સેંજલિયા તેમજ અધિકારીઓ અને ગ્રામજનો સહિતના ઉપસ્થિત રહયા હતા.


અમરેલી ખાતે તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક–યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ

મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક–યુવતિઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ યોજાશે.

ભાગ લેનાર યુવક ધો. ૧૦ અથવા તો તેનાથી વધુ અભ્યાસ કરેલ હોવા જોઇએ તેમજ વેપાર કરતા, પોતાનું મકાન ધરાવતા અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦/– આવક ધરાવતા યુવકો ફોર્મ ભરી શકશે.

યુવતીઓ માટે અભ્યાસ કે આવકને ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફોર્મ અને માહીતી નીચેના સરનામે તા. ૧૭/૦૮/૨૦૨૩ સુધીમાં ફોર્મ મોકલી આપવા વિનંતી.

શ્રી આરતીબેન ગોહીલ, મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪ (પ્રમુખ)
શ્રી પરશોતમભાઇ એન. મકવાણા, મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭
શ્રી રમેશભાઈ આર. ડાભી, મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧

શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરિરામ' હોલસેલ માર્કેટ, દુ.નં. B/F –૧૩, પહેલો માળ, અમરેલી.



▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ

ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ–પ્લેટ–ધરા, જેક–ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ

સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.

સંજય ટ્રેડ લીંક ટોયોટા શો–રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૧૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪





॥ વંદે માતરમ્ ॥

YAMAHA RACING FZ-S

lord of the streets

યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક

NOW WITH CONNECT

Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat

ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.

જીજ્ઞેશ એજન્સી

લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.

મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪



પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે

શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ

સ્પે. માવાના પેંડા

ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો

બટેટા વેફર્સ કેળા વેફર્સ

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ।મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



''શ્રી વલ્લભ'' Navnit

MARUTI SUZUKI ARENA

મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...



EECO

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર

આલ્ફા ઓટોલિંક

સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.

સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



Hero

GO BIG GO XOOM

XOOM



LED TAIL LAMP

DIGITAL SPEEDOMETER

Navnit Hero

Near Gopi Cinema, Station Road, Amreli-365601

+91 92899 22254

navnit@heromotocorp.biz



HONDA The Power of Dreams

સપના કરશે સાકાર...

Shine 100cc

કિંમત રૂા. 64,900/-* થી શરૂ



સૌથી સસ્તુ બાઈક

સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત

Honda Shield 3+3 years warranty

ઓથો.ડિલર પરીખ હોન્ડા

રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

# રાજુલામાં સિપાહી સમાજનાં તેજસ્વી તારલાઓ અને નોકરી મેળવનાર પ્રતિભાઓને સન્માનિત કરાયા



રાજુલા તા. ૭

સિપાહી સમાજ–રાજુલા દ્વારા ૨૦૨૨ અને ૨૦૨૩ માં ધોરણ ૧૦, ૧૨ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ૭૫ ટકા કે તેથી વધારે ટકા મેળવનાર રાજુલાના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ સરકારી/ખાનગી ક્ષેત્રે નોકરી મેળવીને મુસ્લિમ સમાજને ગૌરવ અપાવનાર સમાજની પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા માટે એક ભવ્ય સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં સૈયદ કાળુબાપુ, સૈયદ ભીખુબાપુ, સૈયદ આસીફબાપુ મહુવાના હાફિઝ જૈનુલઆબેદીન વેગેરેએ હાજરી આપી હતી.

અખિલ ગુજરાત સિપાહી સમાજ (ગુજરાત પ્રદેશ)ના મહામંત્રી અને વરિષ્ઠ પત્રકાર હનીફભાઈ ખોખરના પ્રમુખ સ્થાને યોજાયેલ. આ તેજસ્વી સિતારા વિદ્યાર્થી સન્માન અને પ્રતિભા સન્માન કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચરનાં માલીક અને દાતા ઈકબાલભાઈ બેલીમ (ચલાલાવાળા)એ કર્યુ હતું. અતિથિ વિશેષ પદે સમસ્ત મુસ્લિમ સમાજ– રાજુલાના પ્રમુખ આરીફભાઈ જોખીયા, સુન્ની મુસ્લિમ સમાજ–રાજુલાનાં પ્રમુખ ગુલમામદભાઈ દલ, સમસ્ત મુસ્લિમ સમાજ–રાજુલાનાં પૂર્વ પ્રમુખ જુસબભાઈ ભોકિયા, તેમજ મુખ્ય મહેમાન પદે અમરેલી જિલ્લા સિપાહી સમાજનાં પ્રમુખ અને બિલ્ડર હાજી સલીમભાઈ કુરેશી (અમરેલી), જૂનાગઢનાં શિક્ષણવિદ્ સુહેલએહમદ સિદ્દીકી, સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર ઈકબાલભાઈ ગોરી, અમરેલીનાં સમાજ અગ્રણી જમાલભાઈ મોગલ, અભિયાન સેવા ટ્રસ્ટ–અમરેલીનાં પ્રમુખ અને બિલ્ડર અમરેલી રફીકભાઈ ચૌહાણ, અમરેલીનાં યુવા પત્રકાર જાવેદખાન પઠાણ, મહુવાનાં જાણીતા સમાજ સેવક નઝીરભાઈ મલેક, અમરેલી નગરપાલિકાનાં વિરોધપક્ષનાં નેતા સમીરભાઈ કુરેશી, રાજુલાનાં પત્રકાર ઉસ્માનભાઈ ગોરી, શિક્ષણવિદ્ રહીમભાઈ કનોજીયા, રાજુલા સિપાહી જમાતનાં પ્રમુખ અને યુવા પત્રકાર ઈરફાનભાઈ ગોરી, રાજુલા ચાવડા સિપાઈ જમાતનાં પ્રમુખ મુસ્તાકભાઈ ચાવડા, બીડી કામદાર વિસ્તારના અગ્રણી નઝીરભાઈ દલ, સંધી ઝાંખરા જમાતના પ્રમુખ હશનભાઈ ઝાંખરા, ઈસ્માઈલી ખોજા સમાજનાં પ્રમુખ નિજારભાઈ ડોસાણી, ફકીર જમાતનાં પ્રમુખ યુસુફશા દલ વિગેરેએ ખાસ હાજરી આપી હતી.

કુરઆન શરીફની તિલાવતથી શરૂ કરાયેલ કાર્યક્રમના પ્રમુખ સ્થાનેથી બોલતા અખિલ ગુજરાત સિપાહી સમાજનાં મહામંત્રી હનીફભાઈ ખોખરે સિપાહી સમાજનાં ઈમાનદારી, બહાદુરી અને દિલેરીનાં ઈતિહાસથી અને સમાજનાં કાર્યોથી સૌને વાકેફ કર્યા હતા. તેમને વધુમાં જણાવ્યું હતું કે, શૈક્ષણિક ક્ષેત્રે જો આગળ વધવું હશે તો, લોકોએ આવક વધારવી પડશે, અને જો આવક વધારી હશે તો મહિલાઓને ગૃહ ઉદ્યોગ થકી પૈસા કમાય તે માટે મહિલાને પ્રોત્સાહિત કરવી પડશે, અને તે માટે સરકારની જુદી જુદી યોજનાનો લાભ લઈને મહોલ્લે મહોલ્લે સખી મંડળો અને ગૃહ ઉદ્યોગ શરૂ કરાવવા માટે દરેક જમાતના આગેવાનોએ કામે લાગવું પડશે. જો આવક વધશે એટલે કોઈની સહાય વિના બાળકો શિક્ષણમાં આગળ વધી શકશે અને સાથે સારા સંસ્કારો પણ મેળવશે.

કાર્યક્રમનાં ઉદ્‌ઘાટક અને અગ્રણી કોન્ટ્રાકટર ઈકબાલભાઈ બેલીમે જણાવ્યું હતું કે સમાજમાં કોઈ હોશિયાર દીકરા દીકરીઓ આર્થિક સંકડામણનાં કારણે શિક્ષણથી વંચિત ના રહે તે માટે સમાજ અને સમાજનાં અગ્રણીઓ બેઠા છે, ઈકબાલભાઈ બેલીમે જાહેરાત કરતા જણાવ્યું હતું કે ખરેખર કોઈ જરૂરિયાતમંદ હોશિયાર વિદ્યાર્થી હશે તો તેને આર્થિક સહાય આપવા એલાન કરવામાં આવ્યું હતું. સમસ્ત મુસ્લિમ સમાજ–રાજુલાના પ્રમુખ આરીફભાઈ જોખીયાએ સિપાહી સમાજની પ્રવૃત્તિને બિરદાવતા જણાવ્યું હતું કે સમાજમાં એકતા જરૂરી છે. જે સંગઠનમાં માટે અડચણરૂપ થતા હોય તેઓને જાકારો આપીને શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરવા જણાવ્યું હતું અને જયાં જરૂર પડે તેમાં તન, મન અને ધનથી સહકારની ખાતરી આપી હતી.

અખિલ ગુજરાત સિપાહી સમાજનાં યુવા અગ્રણી અને અભિયાન સેવા ટ્રસ્ટનાં પ્રમુખ રફીકભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે સાથે અખલાકને પણ સુધારવા પડશે, અને સમાજનાં દરેક લોકોએ આગેવાનોને સાથ સહકાર આપવો પડશે અને શિક્ષણ અને અખલાક પ્રત્યે વધુમાં વધુ જાગૃત થવું પડશે. પાટકર ઈકબાલભાઈ ગોરી, જમાલભાઈ મોગલ, સુહેલભાઈ સિદ્દીકી, જાવેદખાન પઠાણ વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરીને જવું હતું કે સંગઠનમાં જોડાઈને તન,મન અને ધનથી સાથ સહકાર આપવો જોઈએ અને 'સિપાહી જોડો મહાભિયાન' ને આગળ વધારવા માટે તેમજ સંગઠનમાં વધુમાં વધુ મહિલાઓ જોડાય અને ગૃહ ઉદ્યોગ કે રોજગારી સમાજ અને પરિવારને મદદરૂપ થાય તેવું વાતાવરણનું સર્જન કરવા હાકલ કરી હતી.

આ અવસરે ઈસ્લામ ધર્મનાં પવિત્ર શહેર મક્કા–મદીના શરીફની હજયાત્રા કરીને પરત આવેલા હાજી મહેબુબભાઈ જોખીયા, હાજીયાણી અમીનાબેન, હાજી નઝીરભાઈ દલ, હાજીયાણી જેતુનબેન દલ, હાજીયાણી સલમાબેન, હાજીયાણી સુભાનબેન, હાજીયાણી હમીદાબેન, હાજીયાણી સહીદાબેન વિગેરેનું સિપાહી સમાજ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

તે ઉપરાંત રાજુલાના વતની અને વેરાવળમાં ડેપ્યુટી કલેકટર તરીકે ફરજ બજાવતા મુસ્લિમ સમાજનું ગૌરવ એવા જૈતુનબેન કનોજિયા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા અને તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ પી.એસ.આઈ. તરીકે પ્રમોશન મેળવનાર યુનુસ ભાઈ ગોરી, પોલીસ વિભાગમાં નોકરી મેળ વનાર તોફિકભાઈ ગોગદા અને રેશ્માબેન ગોરી, હેલ્થ વિભાગમાં નોકરી મેળવનાર નાદિરાબેન કુરેશી અને ખુશ્બૂબેન મકરાણી, એસ.ટી. વિભાગમાં મકસુદખાન પઠાણ, શિક્ષકમાં જસ્મિનબેન કનોજીયા, ખાનગી કંપનીમાં ફૈઝલખાન બ્લોચ તેમજ નોકરીમાંથી નિવૃત્ત થનાર નઝીરભાઈ દલ (પોલીસ) રૂસ્તમખાન પઠાણ (ફોરેસ્ટર) ઈમ્તિયાઝભાઈ રાઈસ (અલ્ટ્રાટેક) અને આસિફભાઈ કુરેશી (પીપાવાવ મરીન) વિગેરેને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ તકે તેજસ્વી સિતારાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. જેમાં એલ.એલ.બી. માં અભ્યાસ કરતા શહેનાઝ કુરેશી, નાઝનીન કુરેશી, ફરાજ બ્લોચ, કેમેસ્ટ્રીમાં અભ્યાસ કરતા નદીમ કુરેશી, બાનુબેન હબસી, ફૈઝાન જુનેજા, બી.એ. માં માટે હીનાબેન હબસી, એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા અર્શીલ કુરેશી, તેમજ ધોરણ દશ અને બારમા ધોરણમાં ઉચ્ચગાન મેળવીને પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત રાજુલાનાં પત્રકાર યોગેશભાઈ કાનાબારનું પણ સ્મૃતિ ચિન્હ આપીને સન્માન કરવામાં આવ્યું હતુ.

રાજુલાના બીડી કામદાર વિસ્તારમાં આવેલ 'મદ્રસા–એ–ફૈઝે મહંમદી' ખાતે યોજાયેલ. આ કાર્યક્રમમાં રાજુલાના સેવાભાવી યુવા મુસ્લિમ અગ્રણી અને સિપાહી સમાજના પ્રમુખ રસુલભાઈ કુરેશી અને તેમની ટીમ દ્વારા આયોજિત તેજસ્વી સિતારા વિદ્યાર્થી સન્માન અને પ્રતિભા સન્માન કાર્યક્રમમાં સિપાહી સમાજનાં ભાઈઓ, બહેનો અને યુવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ તકે મહેમાનોનું સ્વાગત કરતા રસુલભાઈ કુરેશીએ જણાવ્યું હતું કે રાજુલાનો સિપાહી સમાજ રાષ્ટ્રીય એકતા માટે કટિબદ્ધ છે. આજના હરીફાઈના યુગમાં શિક્ષણ ક્ષેત્રે કે નોકરી ધંધા ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ એક માત્ર વિકલ્પ છે અને અમે એટલેજ સૌથી વધુ શિક્ષણ ઉપર ભાર મુકીએ છીએ અને આગળ જતા પણ અમે આવા શૈક્ષણિક કાર્યક્રમો કરતા રહીશું તેની ખાતરી આપી હતી.

સન્માનિત વિદ્યાર્થીઓ અને મહાનુભાવોને સ્મૃતિચિન્હ, ડીક્ષનરી, પ્રમાણપત્રો વગેરે સિપાહી સમાજનું ગૌરવ અને દાતા ઈકબાલભાઈ બેલીમ તરફથી આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જાણીતા શિક્ષણવિદ્ રહીમભાઈ કનોજિયાએ કર્યુ હતું. જયારે આભારવિધિ ઉપપ્રમુખ કાળુભાઈ ચાંદખાભાઈ પઠાણ, સેક્રેટરી મુન્નાભાઈ હુસેનભાઈ કુરેશીએ કરી હતી.

અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સિપાહી સમાજના પ્રમુખ રસુલભાઈ કરીમભાઈ કુરેશી, ઉપપ્રમુખ હબીબખાન અનવરખાન બેલીમ, જોઈન્ટ સેક્રેટરી સાલેભાઈ રાજેભાઈ સાલેડા તેમજ સલાહકાર સમિતિનાં સભ્યો મહેબુબભાઈ પીરભાઈ બેલીમ, કાદરભાઈ અલીભાઈ પઠાણ, સાજીદભાઈ મહંમદભાઈ ચૌહાણ, રહીમભાઈ હુસેનભાઈ કુરેશી, રઝાકભાઈ દાદુભાઈ કુરેશી, તોફીકભાઈ ઈકબાલભાઈ જાદવ, રઝાકભાઈ સાલેભાઈ સાલેડા, વસીમભાઈ રૂસ્તમભાઈ પઠાણ, ફીરોઝભાઈ શેરમહંમદભાઈ બ્લોચ, ઈમ્તિયાઝભાઈ એ. રઈસ, મજીતભાઈ દાદભાઈ ખોખર, ફીરોઝભાઈ સલીમભાઈ ખોખર, રાજુભાઈ ચાંદભાઈ ખોખર, દીલુભાઈ દાદભાઈ કુરેશી, અનવરભાઈ દીલુભાઈ સાલેડા, રફીકભાઈ ચાંદભાઈ કુરેશી, અનવરભાઈ જાદવ(ડંકીવાળા) વિગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

### વિશ્વ વસતી દિવસ ઉજવણી અંતર્ગત સન્માન કાર્યક્રમ યોજાયો

# અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખાનાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારનું સન્માન કરવામાં આવ્યું

## આરોગ્ય વિભાગનાં ઉચ્ચ અધિકારી ઉપસ્થિત રહ્યાં

અમરેલી તા. ૭

આરોગ્ય અને પરિવાર કલ્યાણ કચેરી, અમરેલી દ્વારા વિશ્વ વસતી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીનાં ભાગરૂપે આરોગ્ય શાખાનાં કર્મચારીઓનું સન્માન, વર્કશોપ અને ગૌરવ કાર્યક્રમ યોજાયો હતો. રસીકરણ ક્ષેત્રે ઉમદા કામગીરી, સંસ્થાકીય પ્રસુતિ કામગીરી માટે ઉત્કૃષ્ટ કામ કરનાર, ફેમિલી પ્લાનિંગ ઓપરેશન, મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા રોગો સામે રક્ષણ માટે ઉત્કૃષ્ટ કામગીરી, આરોગ્ય કલ્યાણ પ્રોગ્રામ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી ઉપરાંત પોષણ અને ટીબી નિયંત્રણ કામગીરી અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર આરોગ્ય શાખાનાં ૫૬ અધિકારી–કર્મચારીઓનું સ્મૃતિ ચિન્હ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. તા. ૧ ઓગસ્ટ, ૨૩ થી તા. ૭ ઓગસ્ટ, ૨૩ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવવામાં આવી રહ્યો છે. તે વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. ગૌરવ સન્માન કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા આર.સી.એચ. અધિકારી, સામુહિક અને પેટા આરોગ્ય કેન્દ્ર તેમજ અન્ય અધિકારી–કર્મચારીઓ સહિતનાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## માતા–પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ

# ૨૨ દીકરીઓનાં માવતરો બનવાનું સદ્‌ભાગ્ય ફરી એકવાર દીકરાનું ઘરની ટીમને મળશે

## વહાલુડીના વિવાહમાં દાતાઓને આગળ આવવા અપીલ

અમરેલી, તા.૭

સમાજથી અને ઘરથી તરછોડાયેલા નિરાધાર માવતરોની છેલ્લા ૨૪ વર્ષથી સેવા કરી રહેલું ''દીકરાનું ઘર'' વૃદ્ધાશ્રમ તેની વિવિધ સેવાકીય પ્રવૃતિથી સમગ્ર દેશ એન દેશની બહાર પ્રચલિત છે. હંમેશા નોખું – અનોખું કરવું અને સમાજને કાંઈક નવું જ આપવું એ દીકરાનું ઘરની ટીમનો મીજાજ રહયો છે.

સમાજ ઉપયોગી પ્રવૃતિએ દીકરાનું ઘરની ઓળખ બની ગઈ છે. સામાજિક, સાંસ્કૃતિક, રચનાત્મક, શૈક્ષણિક અને માનવતાવાદી પ્રવૃતિથી ધમધમતું દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ હંમેશા નોખું – અનોખું કાર્ય કરવા તૈયાર હોય છે. કુદરતી કે માનવસર્જિત આફતનાં સમયે ''દીકરાનું ઘર'' હંમેશા અગ્રેસર રહયું છે.

છેલ્લા બે વર્ષથી સમગ્ર વિશ્વમાં કોરોનાંએ હાહાકાર મચાવ્યો હતો ત્યારે ''દીકરાનું ઘર'' દ્વારા સતત સેવા પ્રવૃતિ થઈ હતી. ''દીકરાનું ઘર'' દ્વારા ૨૦૧૮ થી માતા–પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ નિરાધાર, નિઃસહાય, લાચાર, અત્યંત ગરીબ પરિવારની દીકરીઓનાં લગ્નનો અનેરો ઉત્સવ ઉજવવામાં આવે છે.

વહાલુડીનાં વિવાહ શીર્ષક હેઠળ યોજાતો આ લગ્નોત્સવ આજે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સ્વીકૃત બન્યો છે. વહાલુડીના વિવાહએ માત્ર દીકરાનું ઘરનો પ્રસંગ ન બની રહેતા સમગ્ર સમાજનો પ્રસંગ હોય એ રીતે દિવ્ય અને ભવ્ય બની રહે છે. છેલ્લા પાંચ વર્ષમાં વહાલુડીના વિવાહ અત્યંત જાજરમાન રીતે એક શ્રીમંત પિતા જે રીતે પોતાની દીકરીનો પ્રસંગ ઉજવે એ રીતે ઉજવવામાં આવે છે.

ચાલુ ચાલ પણ આ અદકેરૂ આયોજન હાથ ધરાયું છે. તેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વહાલુડીના વિવાહ – ૬ ના મુખ્ય યજમાન પદે પાણ ગ્રૃપનાં મનસુખભાઈ પાણ પરિવાર જોડાયેલ છે.

આગામી ડિસેમ્બરની ૨૪ તારીખે સતત છઠ્ઠા વર્ષે વહાલુડીના વિવાહ –૬, ''દીકરાનું ઘર'' દ્વારા અત્યંત ભવ્યાતીભવ્ય છતાં ગરીમાપુર્ણ રીતે યોજાશે.

ચાલુ સાલ ફરી એક વખત ૨૨ દીકરીઓને જરૂરીયાત મુજબનો સમૃદ્ધ કરીયાવર અર્પણ કરી તેના સાંસારિક જીવનમાં સુખી થાય એવા આશિર્વાદ સાથે વિદાય આપશે. સતત છઠ્ઠા વર્ષે દિકરાનું ઘરની ટીમને આવી દીકરીઓનાં માતા–પિતા બનવાનું સદભાગ્ય મળ્યું છે. જેમાં સમાજનાં સુખી સંપન્ન દાતાઓનો અનેરો સહયોગ મળતો રહે છે.

આ અંગેની માહિતી આપતા સંસ્થાનાં મુકેશ દોશી, અનુપમ દોશી, નલીન તન્ના, સુનીલ વોરા, ડો.નિદત બારોટ અને કિરીટ આદ્રોજાએ જણાવ્યું છે કે ''દીકરાનું ઘર'' દ્વારા ફરી એકવખત સતત છઠ્ઠા વર્ષે પિતાની છત્રછાયા ગુમાવેલ કે માતા–પિતાની છત્રછાયા ગુમાવેલ દીકરીઓનાં જીવનમાં રંગ પુરવાનો અવસર ઉભો કર્યો છે.

ચાલુ સાલ ''વહાલુડીના વિવાહ–૬'' અત્યંત ભવ્યાતીભવ્ય રીતે યોજાશે અને તે માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવેલ છે. આ લગ્નની વિશેષતામાં ગુજરાતનાં કોઈપણ ખુણે દેશ કાજે શહીદ થયેલ જવાનની દીકરી અમારા ધ્યાને આવશે તો આવી દીકરીના તેમની ઈચ્છા મુજબનાં લગ્ન સંસ્થા દ્વારા કરાવી આપવામાં આવશે.

ઉપરાંત પાંચ લાખથી વધુ રકમનું સમૃદ્ધ કરીયાવર પણ આપવામાં આવશે. ગુજરાતના કોઈપણ ખુણે આવા શહીદ થયેલ જવાનની દીકરી ધ્યાને હોય તો અમારા સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવે છે.

વહાલુડીના વિવાહ–૬ ની વિશેષ માહિતી આપતા મૌલેશભાઈ ઉકાણી, શિવલાલભાઈ આદ્રોજા, પ્રતાપભાઈ પટેલ, વલ્લભભાઈ સતાણી, વસંતભાઈ ગાદોશા તેમજ હસુભાઈ રાચ્છે વધુમાં જણાવ્યું છે કે દીકરાનું ઘર દ્વારા યોજાતા વહાલુડીનાં વિવાહ લગ્નોત્સવમાં પ્રત્યેક દીકરીઓને સમૃદ્ધ કરીયાવર ભેટ રૂપે ૨૦૦ થી વધુ વસ્તુઓ ભેટ આપવામાં આવશે.

એક ઘરની જરૂરીયાત મુજબનો તમામ કરીયાવરનો તેમાં સમાવેશ થાય છે. જેમાં કબાટ, પલંગ, ટીપાઈ, ગાદલુ,ઓશીકું, મીક્ષચર,એર કુલર, પંખા, સોના–ચાંદીની નાની મોટી વસ્તુઓ, ઈમીટેશન સેટ, સંપુર્ણ વાસણનો સેટ, ૨૫ જોડી કપડા સહિત લગભગ–૨૦૦ થી વધુ વસ્તુઓ પ્રત્યેક દીકરીને ભેટ સ્વરૂપે આપવામાં આવશે.

દીકરાનું ઘર દ્વારા જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સંપ્રદાયના ભેદભાવ વગર આ પ્રસંગ ઉજવવામાં આવે છે. 'દીકરાનું ઘર'' ના કુલ ૧૭૧ થી વધુ કાર્યકર્તાઓ આ લગ્નોત્સવ વહાલુડીનાં વિવાહ સાથે ઉમંગથી જોડાયેલા છે. દીકરાનું ઘર દ્વારા અત્યાર સુધીમાં ૧૧૩ દીકરીઓનાં લગ્ન કરવામાં આવ્યા છે. ચાલુ સાલ વધુ ૨૨ દીકરીઓને હોંશે હોંશે પરણાવવામાં આવશે.

આ ઉપરાંત વહાલુડીનાં વિવાહ લગ્નોત્સવમાં ભાગ લેનાર પ્રત્યેક દીકરીઓને સરકાર દ્વારા મળ તી સહાય કુંવરબાઈનું મામેરૂ અને સપ્તપદીનાં સાત ફેરા હેઠળ સમાજ સુરક્ષા ખાતા તરફથી મળતી સહાય પણ અપાવવામાં સંસ્થા નિમિત બનશે તેમ સંસ્થાનાં સુનીલ મહેતા, હરેશભાઈ પરસાણા, કીરીટ પટેલ, અશ્વિનભાઈ પટેલ, દિપકભાઈ જલુ, ગૌરાંગ ઠક્કર દ્વારા જણાવવામાં આવ્યું છે.

આ અંગેની વિશેષ માહિતી આપતા સંસ્થાનાં ઉપેનભાઈ મોદી, દિપકભાઈ જલુ, હરદેવસિંહ જાડેજા, હરેન મહેતા, રાકેશભાઈ ભાલાળા, પ્રવિણ હાપલીયા, પ્રજ્ઞેશભાઈ પટેલ તેમજ શૈલેષ જાનીએ જણાવ્યું છે કે સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૧૧૩ દીકરીઓને પરણાવવામાં આવેલ છે.

ચાલુ સાલ વધુ ૨૨ દીકરી પ્રભુતામાં પગલા માંડશે. સંસ્થાનાં કાર્યકર્તામાં અનેરો ઉત્સાહ જોવા મળ છે. સંસ્થાનાં ૧૭૧ થી વધુ કર્મઠ કાર્યકર્તાઓએ આ માટેની તૈયાર શરૂ કરી દીધેલ છે.

વહાલુડીના વિવાહ–૬ નું ફોર્મ વિતરણ તા.૧૫/૭/૨૦૨૩ થી તા.૨૭/૮/૨૦૨૩ સુધી સાંજનાં ૪ થી ૭ સુધી ૩૦૫, ગુરૂરક્ષા કોમ્પલેક્ષ, ભારત ટ્રાવેલ્સની બાજુમાં, ટાગોર રોડ ઉપર કરવામાં આવશે. જેમાં ફોર્મ લેવા આવનાર દીકરીએ ઉંમરનું પ્રમાણપત્ર સાથે લઈ આવવું ફરજિયાત રહેશે.

આ લગ્નોત્સવને સફળ બનાવવા હાર્દિક દોશી, દોલતભાઈ ગદેશા, ગુણુભાઈ ઝાલાડી, પ્રનંદ કલ્યાણી, યશવંત જોશી, જિજ્ઞેશ આદ્રોજા, જીતુભાઈ ગાંધી, હરીશભાઈ હરીયાણી, મહેશ જીવરાજાની, પરીમલભાઈ જોશી, જયેન્દ્રભાઈ મહેતા, હસુભાઈ શાહ, પારસ મોદી, જિજ્ઞેશ પુરોહિત, ધીરજ ટીલાળા, જયદીપ કાચા, આર.ડી.જાડેજા, ચેતન મહેતા, શૈલેષ દવે, બ્રિજ વૈશ્નવ સહિતનાં કાર્યકર્તાઓ ભારે જહેમત ઉઠાવી રહેલ છે. વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં દીકરીઓની માતાની તેમજ મોટી બહેનની ભૂમિકામાં સંસ્થાની સક્રિય બહેનો ફાલ્ગુનીબેન કલ્યાણી, અલ્કા પારેખ, ગીતાબેન એ.પટેલ, મૌસમીબેન કલ્યાણી, અરૂણાબેન વેકરીયા, કિરણબેન વડગામા, ગીતાબેન વોરા સહિતની બહેનો લગ્નોત્સવને યાદગાર બનાવવા સક્રિયપણે કામગીરી કરી રહી છે.

### મહિલા કર્મયોગી દિવસ ઉજવણી અન્વયે સેમિનાર યોજાયો

# અમરેલી : મહિલાઓની કામકાજનાં સ્થળે થતી જાતીય સતામણી સામે કાયદાકીય બાબતોનું માર્ગદર્શન અને માહિતી આપવામાં આવ્યાં

## જિલ્લાનાં મહિલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં




અમરેલી, તા.૭

ગુજરાત રાજય 'સરકાર દ્વારા તા.૧ ઓગષ્ટ થી ૭ ઓગષ્ટ સુધી સમગ્ર રાજયમાં નારી વંદન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા ' મહિલા કર્મયોગી દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા પંચાયત કચેરી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સેમિનાર યોજવામાં આવ્યો હતો.


આ સેમિનારમાં વિવિધ કાયદાકીય બાબતોને આવરી લઈ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કામકાજનાં સ્થળે મહિલાઓને થતી જાતીય સતામણી થતી હોય તેવા સંજોગોમાં તેમને કાયદાકીય વિગતો અને તેનું માર્ગદર્શન અને માહિતી આપવામાં આવ્યા હતા.

સ્થાનિક સ્તરે ફરિયાદ સમિતિનાં અધ્યક્ષ અરૂણાબેન માલાણી,બગસરા તાલુકા પોલીસ વડા આઈ.જે.ગીડા બગસરા, અમરેલી સીટી પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. સાંખટ નારી અદાલતના જિલ્લા કો.ઓર્ડિનેટ, એડવોકેટ વિવિધ કચેરીનાં મહિલા અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. સ્ત્રીઓનાં શારીરિક શોષણને અટકાવવા માટે સ્ત્રી શકિત ઉજાગર કરવા માટેની સમજુતી અધ્યક્ષ અરૂણાબેન માલાણીએ આપી હતી. કામકાજનાં સ્થળે મહિલાઓની જાતિય સતામણી–૨૦૧૩ કાયદા વિષે વિસ્તૃત સમજ એડવોકેટ શોભીનીબેન દ્વારા આપવામાં આવી હતી. સ્ત્રીઓને પોતાનું આત્મરક્ષણ કેવી રીતે કરવું તે માટે પ્રતિકાત્મક ફિલ્મ પણ આ સેમિનારમાં દર્શાવવામાં આવી હતી. કર્મયોગી મહિલાઓની ઓળ ખ કરીને તેઓને વિશિષ્ટ કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું. તેમ અમરેલી જિલ્લા મહિલા એન બાળ અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ધારી ગીર (પુર્વ) વન વિભાગ દ્વારા

# તુલસીશ્યામ રેન્જનાં ભાણીયા રાઉન્ડમાં ૫ હજાર સિંડ બોલનું વાવેતર

## ૫૦ જેટલા કરમદીનાં રોપનું વાવેતર થયું



ધારી, તા.૭

ધારી ગીર (પુર્વ) વન વિભાગની તુલસીશ્યામ રેન્જનાં જંગલ વિસ્તારમાં આજરોજ તુલશીશ્યામ રેન્જમાં ભાણીયા રાઉન્ડની ગઢિયા પાતળા બીટનાં ધાવડીયા બોર્ડર જંગલ વિસ્તારમાં ડી.સી.એફ રાજદીપસિંહ ઝાલા, એ.સી.એફ.એમ.આર. ઓડેદરાનાં માર્ગદર્શન હેઠળ આર.એફ.ઓ. રાજલ પાઠક, રાઉન્ડ ફોરેસ્ટર વી.ડી.પુરોહિત, બીટગાર્ડ જે.બી.ખાચર, એસ.એ.હાડકરડા તેમજ ભરતભાઈ, મનુભાઈ, કનુભાઈ સ્ટાફ સહિત જનતા વિદ્યાલય તાતણીયાના ૫૦ વિદ્યાર્થી તેમજ શિક્ષક દ્વારા ૫૦૦૦ સિડ બોલનું વાવેતર કરવામાં આવ્યું. આ સિડ બોલમાં શણીયાર ઘાસનાં બીજ તેમજ દેશી બાવળ, હરમો, ખેર, કરમદીનાં બીજ નાખી ૫૦૦૦ સિડ બોલનું વાવેતર કરવામાં આવ્યું તેમજ ૫૦ કરમદીનાં રોપનું વાવેતર કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલા ખાતે હિન્દુ ધર્મ સેના દ્વારા સંતો અને રાજકીય મહાનુભાવોનું સન્માન થયું



સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા હિન્દુ ધર્મ સેના દ્વારા સંતો અને રાજકીય મહાનુભાવોનું કરાયું સન્માન. સાવરકુંડલા દશા શ્રીમાળી વાડી ખાતે યોજાયેલ હિન્દુ ધર્મ સેના દ્વારા સન્માન સમારોહમાં સંતો અને રાજકીય મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતુ.

જેમાં માનવ મંદિરના ભકિતબાપુ કુંડલપુર હનુમાનના દર્શન ગીરીબાપુ તેમજ સાંસદ નારણભાઈ કાછડીયા ધારરાસભ્ય મહેશભાઈ કસવાળા, રાજુભાઈ દોશી, શરદભાઈ પંડયા, ડોકટર વડેરા સહિતના મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતુ.

જેમાં સાવરકુંડલા શહેરના વિવિધ હિન્દુ સંગઠનો તેમજ ધર્મસેનાના અગ્રણીઓ દ્વારા ખાસ મહાનુભવોનું સન્માન કરવામાં આવ્યું હતુ તેમજ આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મયુરભાઈ ખાચર અને અમિતભાઈ પંડયા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો.

### આપનાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ દ્વારા કરાઈ મોટી જાહેરાત

# આપ અને કોંગ્રેસ ગુજરાતમાં સીટો વહેંચીને ચૂંટણી લડશે : ઈસુદાન ગઢવી

### કોંગ્રેસ અને આપ બંને સાથે મળીને આગામી લોકસભાની ચૂંટણી લડે છે કે નહી તે તો આવનારા સમયમાં જ ખબર પડશે

અમદાવાદ,તા.૭

ગુજરાતનાં આમ આદમી પાર્ટીનાં પ્રમુખ ઈસુદાન ગઢવીએ સોમવારે એક નિવેદન આપીને રાજકારણમાં હડકંપ મચાવી દીધો હતો કે આપ અને કોંગ્રેસ ગુજરાતમાં આગામી લોકસભાની સીટો વહેંચીને ચૂંટણી લડશે. કારણ કે બંને પાર્ટીઓ વિપક્ષ I.N,D.I.A. ની ગઠબંધનની સભ્ય છે. ત્યારે આ બાબતે ઈશુદાન ગઢવીએ પ્રતિક્રિયા પર કોંગ્રેસે પ્રતિક્રિયા આપતા કહ્યું કે પાર્ટી કેન્દ્રીય નેતૃત્વનાં નિર્દેશોનું પાલન કરશે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બંને I.N.D.I.A નાં ગઠબંધનનો એક ભાગ છે. હાલમાં જ ચૂંટણીને લઈને ગઠબંધનની વાતચીત ચાલી રહી છે. આવા સમયમાં ગુજરાતમાં સીટોનાં વિભાજનની ફોર્મ્યુલા હેઠળ આમ આદમી પાર્ટી તેમજ કોંગ્રેસ બંને સાથે મળીના આગામી લોકસભાની ચૂંટણી લડે છે કે નહી તે તો આવનારા સમયમાં જ ખબર પડશે.

આમ આદમી પાર્ટીનાં ગુજરાતનાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ લોકો સાથે વાતચીતમાં કહ્યું કે જો બધું યોજના અનુસાર થયું તો હું ગેરંટી આપુ છું કે ભાજપ આ વખતે ગુજરાતમાં ૨૬ સીટ નહી જીતી શકે. તેમજ તેઓએ વધુમાં કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા માટે અરવિંદ કેઝરીવાલનાં નેતૃત્વવાળી આમ આદમી પાર્ટી વિપક્ષી I.N.D.I.A નાં ગઠબંધનમાં જોડાઈ છે. ઈસુદાન ગઢવીએ કહ્યું કે આમ આદમી પાર્ટી ગુજરાતમાં એવી સીટો શોધવાનું શરૂ કરી દીધું છે. જે સીટ પર પાર્ટી ઉમેદવાર ઉભો રાખી શકે છે. ગુજરાત આમ આદમી પાર્ટીનાં પ્રમુખ દ્વારા અચાનક કરવામાં આવેલ આ જાહેરાત પર કોંગ્રેસે પ્રતિક્રિયા આપતા કહ્યું કે હજુ અંતિમ નિર્ણય બાકી છે. કેન્દ્રીય નેતૃત્વ આ અંગે નિર્ણય લેશે.

ગુજરાત કોંગ્રેસ પ્રવકતા મનીષ દોશીએ પત્રકારોને જણાવ્યું કે મને હાલ જ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલ જાહેરાત બાબતે હાલ જ જાણવા મળ્યું છે. ત્યારે અન્ય પાર્ટીઓ સાથે સીટો તેમજ અન્ય વાટાઘાટો બાદ કેન્દ્રીય નેતૃત્વ દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે. ચૂંટણી પહેલા ગઠબંધન પર નિર્ણય લેવો કેન્દ્રીય નેતૃત્વનો વિશેષાધિકારી છે. કેન્દ્રીય નેતૃત્વ જ્યારે પણ આ બાબતે તેઓનો અભિપ્રાય જાણવા માંગશે તો પ્રદેશ સંગઠન આ બાબતે ચર્ચા કરશે. ગુજરાત કોંગ્રેસ રાષ્ટ્રીય નેતાઓનાં નિર્દેશોનું પાલન કરશે. ભાજપે આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવેલ જાહેરાત પર ધ્યાન આપ્યું નથી. ગુજરાત ભાજપનાં પ્રવક્તા ઋત્વિજ પટેલ કહ્યું કે અમે છેલ્લી બે ટર્મથી ગુજરાતમાં તમાં ૨૬ લોકસભા સીટો જીતી રહ્યા છે. આ વખતે અમારૂ લક્ષ્ય ૫ લાખ મતોમાં માર્જીનથી તમામ સીટો જીતવાનો લક્ષ્યાંક છે. ત્યારે વડાપ્રધાન મોદીનાં નેતૃત્વ વાળી કેન્દ્ર સરકાર કોઈનાથી ડરતી નથી. અમને ચૂંટણીમાં જીત હાંસલ કરવાનો સંપૂર્ણ વિશ્વાસ છે. ત્યારે તમને જણાવી દઈએ કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને આપ એકબીજાની વિરૂદ્ધમાં હતા. જેમાં કોંગ્રેસને ૧૭ અને આપ ને ૫ સીટ મળી છે.

### ભાજપના મહાસચિવની જીભ લપસી

# ભારત વિરૂધ્ધ બોલશે તેનો જીવ લઈ લઈશું : કૈલાશ વિજયવર્ગીય

### વિજયવર્ગીય મધ્યપ્રદેશમાં યોજાનારી ચૂંટણીની તૈયારીઓ માટે રતલામમાં કાર્યકર્તા સંમેલનમાં સામેલ થવા પહોંચ્યા

રતલામ, તા.૭

ભાજપના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયની જીભ લપસી ગઈ હતી. તેમણે એક વિવાદિત નિવેદન આપ્યું. તેમણે મધ્યપ્રદેશના રતલામમાં એક કાર્યક્રમને સંબોધતા કહ્યુ હતું કે જે પણ ભારત માતાની જય બોલશે તે અમારો ભાઈ છે. અમે તેના માટે જીવ પણ આપી શકીએ છીએ પણ જે ભારત માતા વિરુદ્ધ બોલશે અમે તેનો જીવ પણ લેવામાં પીછેહઠ નહીં કરીએ.

તેમણે જાહેરમાં ધમકીભર્યા સ્વરોમાં કહ્યુ કે જે પણ ભારત માતા વિરુદ્ધ બોલશે તેનો જીવ લેવામાં અમે જરાય નહીં ખચકાઈએ. વિજયવર્ગીએ રતલામની મુલાકાત વખતે આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યુ કે આ અમારો સંકલ્પ છે અને ભાજપ પણ એટલા માટે જ છે.

કૈલાશ વિજયવર્ગીય ચાલુ વર્ષના અંતે મધ્યપ્રદેશમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ માટે રતલામ ગ્રામીણ વિધાનસભા ક્ષેત્રમાં આયોજિત કાર્યકર્તા સંમેલનમાં સામેલ થવા પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે જે લોકો ભગવાન રામને કાલ્પનિક માને છે તે જાન્યુઆરીમાં અયોધ્યા આવે. તેમના પાપ ધોવાઈ જશે. ભાજપ નેતાએ કોંગ્રેસ સામે નિશાન તાકતાં કહ્યું કે જ્યારે અમે નારો લગાવતા હતા કે રામલલા હમ આએગેં, મંદિર વહી બનાએંગે તો કોંગ્રેસ નેતા કહેતા હતા કે તારીખ બતાવતા નથી. આજે અયોધ્યામાં ભવ્ય રામમંદિર તૈયાર થઈ રહ્યું છે.

### લોકસભા ચૂંટણીને લઈને તમામ પક્ષ તૈયારીમાં વ્યસ્ત

# લોકસભામાં એનડીએનો ઘોડો વિનમાં રહેવાનાં સંકેત

### રાજસ્થાનમાં એનડીએને ૨૧ હિમાચલમાં ૩, કર્ણાટકમાં ૨૦, છત્તિસગઢમાં સાત બેઠક મળે એવી સર્વેમાં શક્યતા

નવી દિલ્હી, તા.૭

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીને લઈને તમામ પક્ષો પોતપોતાની તૈયારીઓમાં વ્યસ્ત છે. પ્રાદેશિક પક્ષો પણ તેમની ભૂમિકાને મજબૂત રીતે રજૂ કરી રહ્યા છે. જેથી તેમને યોગ્ય ધ્યાન અને જરૂરિયાત મુજબની ભૂમિકા મળી શકે. આ બધાની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ ત્રીજી વખત હેટ્રિક મારવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેથી કેન્દ્રમાં સત્તા મેળવી શકાય. બીજી બાજુ પીએમમોદીના વિજયરથને રોકવા માટે ઈન્ડિયા ગઠબંધનના સ્વરૂપમાં દેશના ૨૬ વિપક્ષી દળો એકજૂટ થઈ ચૂક્યા છે.

વિપક્ષી પાર્ટીઓનું 'ઈન્ડિયા' ગઠબંધન અસ્તિત્વમાં આવ્યા બાદ દેશમાં ચૂંટણીનો મૂડ જાણવા માટે એક સરવે હાથ ધરાયો હતો. જેથી જાણી શકાય કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને લઈને મતદારો શું વિચારી રહ્યાં છે ? આ સર્વેમાં કોંગ્રેસ શાસિત રાજ્યો જેમ કે રાજસ્થાન, છત્તીસગઢ, કર્ણાટક અને હિમાચલ પ્રદેશમાં એનડીએની સ્થિતિ શું છે? કારણ કે આ રાજ્યોમાં કોંગ્રેસ પોતાના દમ પર સત્તા પર છે.

રાજસ્થાનની વાત કરીએ તો અહીં ૨૦૧૯ની ચૂંટણીમાં મોદી લહેરમાં ભાજપે રાજસ્થાનની તમામ ૨૫ લોકસભા બેઠકો જીતી લીધી હતી. જ્યારે તાજેતરના એક સરવેમાં આ વખતે એનડીએને નુકસાન થતું દેખાય છે. પરંતુ તેમ છતાં તે વિપક્ષના ગઠબંધન ઈન્ડિયાકરતાં ઘણું આગળ દેખાય છે. સરવે અનુસાર એનડીએને રાજસ્થાનમાં આ વખતે ૨૧ સીટો મળવાની આશા છે. જ્યારે ઈન્ડિયાગઠબંધનને કુલ ચાર બેઠકોથી સંતોષ માનવો પડી શકે છે. છત્તીસગઢમાં લોકસભાની ૧૧ બેઠકો છે.

તાજેતરના સરવેમાં એનડીએને ગત વખતની સરખામણીમાં નુકસાન થતું જોવા મળી રહ્યું છે. ૨૦૧૯માં એનડીએને ૯ બેઠકો મળી હતી. સર્વે મુજબ આ વખતે એનડીએના ખાતામાં ૭ સીટો જતી જોવા મળી રહી છે. જ્યારે ઈન્ડિયાના ખાતામાં ચાર બેઠકો જવાની આશા છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે છત્તીસગઢમાં વિધાન સભાની ચૂંટણી પણ યોજાવાની છે.

સરવે અનુસાર હિમાચલ પ્રદેશમાં ૪ લોકસભા સીટોમાંથી એનડીએને ૩ સીટો મળવાની શક્યતા છે. ઈન્ડિયાને એક લોકસભા સીટ મળી શકે છે. ૨૦૧૯માં તમામ ૪ સીટો એનડીએને મળી હતી. જોકે ૨૦૨૨ આ રાજ્યમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી, જેમાં કોંગ્રેસનો વિજય થયો હતો.

દક્ષિણના રાજ્ય કર્ણાટકમાં આ વર્ષની શરૂઆતમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મોટા અંતરથી હારનો સામનો કરવો પડ્યો હતો. જે બાદ કોંગ્રેસનો ઉત્સાહ વધી ગયો છે.

કોંગ્રેસ રાજ્યમાં આગામી લોકસભા ચૂંટણીમાં સારો દેખાવ કરે તેવી આશા છે. તાજેતરના સરવે મુજબ એનડીએને રાજ્યમાં ૨૮માંથી ૨૦ બેઠકો મળવાની શક્યતા છે.

જ્યારે ઈન્ડિયાના ખાતામાં ૭ સીટ, જ્યારે અપક્ષને એક સીટ મળવાની ધારણા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએને તેના ખાતામાં ૨૬ બેઠકો મળી હતી.

કોંગ્રેસ અને જેડીએસને ૧-૧ સીટ મળી છે. આ ચાર રાજ્યોમાં લોકસભાની ૬૮ સીટો છે. સર્વે અનુસાર આ વખતે ૬૮ સીટોમાંથી એનડીએને ૫૧ સીટો મળી રહી છે.

### શાકભાજી-ફળોના ભાવ વધતા ગૃહિણીઓના ઘરનાં બજેટ ખોરવાયા

# ઓગસ્ટમાં વેજ થાળીના ભાવમાં સરેરાશ ૩૪ ટકા જેટલો વધારો

### ક્રિસિલ દ્વારા ભારતના દક્ષિણ, ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં થાળીની સરેરાશ કિંમત તેમાં લગતી ઈનપુટ કોસ્ટના આધારે નક્કી કરવામાં આવે છે

નવી દિલ્હી, તા.૭

દેશભરમાં મોંઘવારીનો માર દરેક તબક્કા અને વર્ગના લોકો સહન કરી રહ્યા છે. શાકભાજી અને ફળોના ભાવમાં તોતિંગ વધારાના કારણે ગૃહિણીઓના ઘરના બજેટ વેરવિખેર થઈ ગયું છે. એવામાં ઓગસ્ટ મહિનાના એક સરવેમાં વેજ થાળીના ભાવમાં કેટલો વધારો નોંધાયો અને કયા કયા પરિબળોએ ભાવ વધારામાં મુખ્ય ભૂમિકા ભજવી તેની જાણકારી આપવામાં આવી છે. લોકોના ભોજન સ્વાદ અને રસોડાનું બજેટ વેરવિખેર કરી નાખવામાં ટામેટાંની જ ભૂમિકા મુખ્ય માનવામાં આવી રહી છે.

ક્રિસિલના અહેવાલ મુજબ, આ થાળીઓની સરેરાશ કિંમતમાં અગાઉના મહિનાઓની સરખામણીએ જૂન-જુલાઈ ૨૦૨૩ના મહિનામાં ઘરખમ વધારો જોવા મળ્યો છે. આ અહેવાલ અનુસાર વેજ થાળીના ભાવમાં સરેરાશ ૩૪% જેટલો વધારો નોંધાયો છે.

ભારતના દરેક ખૂણે એટલે કે દક્ષિણ, ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં થાળીની સરેરાશ કિંમત તેમાં લગતી ઈનપુટ કોસ્ટના આધારે નક્કી કરવામાં આવે છે. રિપોર્ટમાં શાકભાજી, મસાલા, અનાજ, કઠોળ, બ્રોઈલર, ખાદ્ય તેલ અને રાંધણ ગેસ જેવા વિવિધ વસ્તુઓની કિંમતો ધ્યાનમાં લેવામાં આવી છે, જેનો ઉપયોગ થાળીની વાનગીઓ બનાવવામાં કરાય છે. આ ઈનપુટ કોસ્ટને આધારે જુલાઈ મહિનામાં વેજ થાળીની સરેરાશ કિંમત ૩૩.૧ રૂપિયા રહ્યો છે, જે અનુક્રમે ૩૪ ટકાનો ભાવ વધારો દર્શાવે છે.

આ અહેવાલમાં દર્શાવ્યા મુજબ, શાકભાજી તેમાં પણ ખાસ કરીને ટામેટા અને રાંધણ તેલના ભાવમાં ભારે વધારાથી જુલાઈ મહિનામાં વેજ થાળીની કિંમત અનુક્રમે ૩૪ ટકા વધી છે. વેજ થાળીમાં વધારામાં મુખ્યભૂમિકા ભજવનાર ટામેટાની કિંમતમાં જૂન મહિનાની સરખામણીએ ભારે વધારો જોવા મળ્યો હતો.

પાછલા મહિનાઓમાં પ્રતિકૂળ હવામાનને કારણે દેશના વિવિધ ભાગોમાં ટામેટાંના ભાવ તાજેતરમાં આસમાને પહોંચ્યા છે. જેના કારણે આ શાકભાજીના ભાવમાં એકંદરે વધારો થયો છે.

દેશભરના મોટાં શહેરોમાં ટામેટાંની કિંમત ૧૦૦ રૂપિયાને વટાવી ગઈ છે. જૂનમાં જ્યારે ટામેટાના ભાવ ૩૩ પ્રતિ કિલો નોંધાયા હતા ત્યારે જુલાઈમાં તેમાં ભારે વધારા બાદ ૧૧૦ રૂપિયા પ્રતિ કિલો સુધી વધયા હતા. જે આ થાળીના ભાવ વધારા પાછળનું મુખ્ય કારણ સાબિત થઈ રહ્યું છે.

### રાજ્યમાં મેઘરાજાની ફરી એન્ટ્રીની તૈયારી

# રાજ્યમાં સિઝનનો ૭૯.૮૩ ટકા નોંધાયેલો વરસાદ

### સૌરાષ્ટ્રમાં ૧૦૯.૪૬ ટકા ઉત્તર ગુજરાતમાં ૬૬.૮૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૭૦.૫૦ ટકા કુલ વરસાદ

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં બીપરજોય વાવાઝોડા બાદ ચોમાસાની જબરદસ્ત એન્ટ્રી થઈ હતી. વરસાદના ત્રણ રાઉન્ડમાં રાજ્યના નદી નાળા છલકાઈ ગયા હતાં અને જળાશયોમાં નવા નીર આવ્યા હતાં. ત્યારે કેટલાક દિવસથી શાંત થયેલા મેઘરાજા હવે ફરીવાર પધારવાની તૈયારીમાં છે.

રાજ્યમાં વરસાદના ત્રણ રાઉન્ડની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૭૯.૮૩ ટકા નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૩૫.૮૦ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૦૯.૪૬ ટકા ઉત્તર ગુજરાતમાં ૬૬.૮૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૭૦.૫૦ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૬૩.૪૭ ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ વરસ્યો છે.

રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૭૨.૨૬ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં ૨૫૧૧૮૪ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ છે જે કુલ જળસંગ્રહ શક્તિના ૭૫.૧૯ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૧.૧૭ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૪૮.૯૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૨.૩૭ ટકા, કચ્છ ઝોનના ૨૦ જળાશયોમાં ૬૬.૨૩ ટકા તથા સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૮૩.૭૦ ટકા જળસંગ્રહ થયો છે.

રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરિણામે ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ થયેલા ૬૫ જળાશયો તથા ૯૦ ટકાથી ૧૦૦ ટકા જળસંગ્રહ થયેલા ૨૭ જળાશયો મળી કુલ ૯૨ જળાશયો હાઈ એલર્ટ પર છે.

જયારે ૮૦ ટકાથી ૯૦ ટકા જળસંગ્રહ ધરાવતા ૨૭ જળાશયો એલર્ટ પર અને ૭૦ ટકાથી ૮૦ ટકા જળસંગ્રહ ધરાવતા ૯ જળાશયોને સામાન્ય ચેતવણી આપવામાં આવી છે.

### કલાકારે PM મોદીને વિશ્વકર્માના રૂપમાં દર્શાવતા વિવાદ

# વડોદરામાં ફાઇન આર્ટ્સ ફેકલ્ટીમાં PM મોદીના ચિત્રને લઈ વિવાદ સર્જાયો

### કોંગ્રેસે પીએમ મોદીનું ચિત્ર દોરનાર ચિત્રકાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવાની માગ કરી છે

વડોદરા,તા.૭

વડોદરાની ફાઈન આર્ટ્સ ફેકલ્ટી ફરી એક વખત વિવાદમાં આવી છે. અહીં મોદી@૨૦ વિષય પર પેઈન્ટિંગ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ભોપાલના ચિત્રકાર રાજ સૈનીના પીએમ મોદીને ભગવાન વિશ્વકર્મા સાથે સરખાવતા પેઈન્ટિંગને લઈને ભારે વિવાદ સર્જાયો.

તો ત્રિપુરાના ચિત્રકારે પણ મોદીને ભગવાન વિષ્ણુના અવતાર સાથે સરખાવ્યા. આથી વાઈસ ચાન્સેલર અને ફેકલ્ટી ડીને તુરંત જ સૂચના આપી બંને પેઈન્ટિંગને ત્યાંથી હટાવી દીધા. જેમાં તેમણે જણાવ્યું કે મેં ૭ દિવસ સુધી સતત મહેનત કરીને પીએમ મોદીનું ચિત્ર તૈયાર કર્યું હતું.

તેમણે કહ્યું મેં વડાપ્રધાન મોદીને સંપૂર્ણ વિશ્વ સાથે જોડીને બનાવ્યા. તેઓ ભારત જ નહીં આખા વિશ્વને એક પરિવારના રૂપે જોવા ઈચ્છે છે તેવો ચિત્રનો ભાવ છે. પરંતુ જ્યુરીએ ચિત્રને સમજ્યા વગર જ ધર્મ સંબંધિત કારણ દર્શાવી ચિત્રને રિજેક્ટ કર્યું. રાજ સૈનીએ જણાવ્યું કે હું છેલ્લા ૩૫ વર્ષથી પેઈન્ટિંગ ક્ષેત્રે કાર્યરત છું. પરંતુ અહીં મારું અને મારી ભાવનાઓનું અપમાન થયું છે. બીજી તરફ કોંગ્રેસે પીએમ મોદીનું ચિત્ર દોરનાર ચિત્રકાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવાની માગ કરી છે.

### ભારત વિશ્વની પાંચમા નંબરની અર્થ વ્યવસ્થા છે

# આઠ વર્ષમાં દેશમાં રોકાણમાં ૬૫ ટકાનો જંગી વધારો થયો

નવી દિલ્હી, તા.૭

ભારત દેશની અર્થવ્યવસ્થા વિશ્વની પાંચ નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આ સાથે એવું અનુમાન પણ લાગવામાં આવી રહ્યું છે કે, વિકાસમાં થઈ રહેલા સતત વધારાથી ૨૦૨૭ સુધીમાં ૫ ટ્રીલીયનનો લક્ષ્યાંકને હાંસલ કરી લઈશું અને વિશ્વની અર્થવ્યવસ્થાઓમાં ત્રીજા સ્થાને પહોંચી જશું.

તેમાં મહત્વનો ફાળો દેશમાં થઈ રહેલા રોકાણનો છે.દેશમાં ૨૦૧૪-૧૫થી ૨૦૨૨-૨૩ વચ્ચે રોકાણ રૂ. ૩૨,૭૮,૦૯૬ કરોડથી ૬૫ ટકા વધીને રૂ. ૫૪,૩૪,૬૯૧ કરોડ થવાની તૈયારીમાં છે. ભારતીય અર્થતંત્રમાં ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન દ્વારા દર્શાવ્યા મુજબ સરકાર અને ખાનગી ક્ષેત્ર એકસાથે અર્થતંત્રમાં રોકાણ કરે છે.દેશમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે, સરકાર મૂડી ખર્ચ માટે રાજ્યોને વિશેષ સહાયની યોજના અને મૂડી રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાયની યોજનાનો પણ અમલ કરે છે. કેન્દ્રએ સ્વાસ્થ્ય, શિક્ષણ, સિંચાઈ અને વીજળી જેવા ક્ષેત્રો સાથે સંબંધિત મૂડી પ્રોજેક્ટ સહિત મૂડી પ્રોજેક્ટ પર મૂડી ખર્ચ માટે ૫૦ વર્ષની વ્યાજ-મુક્ત લોનના સ્વરૂપમાં વિશેષ સહાય મંજૂર કરી છે. ભારતમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ પણ ૨૦૧૪-૧૫ થી સતત વધ્યું છે. ૨૦૧૪-૧૫ અને ૨૦૨૧-૨૨ વચ્ચેના છેલ્લા સાત નાણાકીય વર્ષોમાં, દેશમાં ૪૪૩ અબજ ડોલરથી વધુનો એફડીઆઈનો પ્રવાહ જોવા મળ્યો છે.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### મણિપુરમાં અવિરત હિંસાથી સુપ્રીમ કોર્ટ ચિંતિત

# સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટનાં ૩ પૂર્વ મહિલા જજની સમિતિ બનાવશે

### ન્યાયમૂર્તિ ગીતા મિત્તલના નેતૃત્વ હેઠળ આ કમિટી તપાસ, રાહત કાર્યો, સારવાર, વળતર, પુર્નવસન પર નજર રાખશે

નવી દિલ્હી, તા.૭

મણિપુરમાં છેલ્લા ઘણા મહિનાઓથી હિંસાઓ ચાલી રહી છે અને હજુ પણ હિંસા થમવાનું નામ લેતી નથી, ત્યારે આજે સુપ્રીમ કોર્ટે જાતીય હિંસા સંબંધીત અરજી અંગે સુનાવણી હાત ધરી હતી. સરકાર તરફથી હાજર રહેલા એટર્ની જનરલ આર.વેંકટરમાનીએ કોર્ટમાં જણાવ્યું કે, સરકાર મણિપુર હિંસાની ઘટનાઓને ખૂબ જ પરિપક્વતા સાથે સંભાળી રહી છે. તેમણે કહ્યું કે, હિંસા પ્રભાવિત ૬ જિલ્લામાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બનેલી એસઆઈટીની રચના કરવામાં આવશે. એટર્ની જનરલે કહ્યું કે, એસઆઈટીના અધ્યક્ષ તરીકે પોલીસ અધિક્ષક સ્તરના અધિકારીઓને મુકાશે. આ એસઆઈટી હિંસાની તપાસ કરશે. મહિલાઓ વિરુદ્ધના ગુનાઓની તપાસ માટે મહિલા પોલીસ અધિકારીની બનેલી એસઆઈટી રચના કરવામાં આવશે. ડીજીપી સ્તરના પોલીસ અધિકારીઓ આ એસઆઈટીટીમોના કામકાજ પર નજર રાખશે.

સોલિસિટર જનરલ તુષાર મેહતાએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે, મહિલાઓ વિરુદ્ધ ૧૨ કેસોની તપાસ સીબીઆઈ કરશે. તેમણે એમ પણ કહ્યું કે, તપાસ દરમિયાન મહિલાઓ વિરુદ્ધ જોડાયેલા અન્ય કેસો સામે આવશે તો તેની પણ તપાસ સીબીઆઈ દ્વારા કરાશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આઈપીએસ અધિકારી સીબીઆઈ તપાસની દેખરેખ રાખશે. કોર્ટે કહ્યું કે, તપાસના મામલાઓ સીબીઆઈને ટ્રાન્સફર કરી દેવાયા છે, જોકે કાયદાના શાસનમાં વિશ્વાસ સુનિશ્ચિત કરવા વિવિધ રાજ્યોમાંથી સીબીઆઈમાં લાવવા માટે ઓછામાં ઓછા ડેપ્યુટી એસપી રેંકના પાંચ અધિકારીઓ હોવાનો નિર્દેશ આપવાનો પ્રસ્તાવ છે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તેઓ હાઈકોર્ટના ત્રણ પૂર્વ મહિલા જજોની એક કમિટી બનાવવાનો આદેશ કરશે. આ કમિટી તપાસ, રાહત કાર્યો, સારવાર, વળતર, પુર્નવસન વગેરે કામો પર નજર રાખશે. ન્યાયમૂર્તિ ગીતા મિત્તલ ત્રણ પૂર્વ જજોની સમિતિની અધ્યક્ષતા કરશે અને આ સમિતિમાં ન્યાયમૂર્તિ શાલિની જોશી, ન્યાયમૂર્તિ આશા મેનન પણ સામેલ હશે.

### મુખ્યપ્રધાનના આદેશ બાદ પોલીસની કાર્યવાહી

# રાજસ્થાન પોલીસની ૩૫૪ ટીમના દરોડામાં ૭૬૪ આરોપી ઝડપાયા

### પકડાયેલા ૭૬૪માંથી ૧૭૯ ગુનેગારો કાયમી વોરંટ, ઈનામી ગુનેગારો અને ધરપકડ વોરંટમાં વોન્ટેડ છે

બીકાનેર, તા.૭

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના આદેશ બાદ બીકાનેર રેંજમાં ફરી ગુનેગારો વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે એક જ દિવસમાં જુદા જુદા ગુનાઓમાં ૭૬૪ ગુનેગારોને દબોચી લીધા છે. આઈજી ઓમપ્રકાશે જણાવ્યું કે, રેંજના ચારેય જિલ્લામાં ૧૫૭૫ પોલીસ અધિકારીઓ અને જવાનોની ૩૫૪ ટીમોએ ૧૪૬૨ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા.

આ કાર્યવાહીમાં કુલ ૭૬૪ આરોપીઓની ધરપકડ કરી જેલમાં ધકેલી દેવાયા છે. તેમણે જણાવ્યું કે, ૭૬૪માંથી ૧૭૯ ગુનેગારો કાયમી વોરંટ, ઈનામી ગુનેગારો અને ધરપકડ વોરંટમાં વોન્ટેડ છે.

ઉપરાંત રોમીયો સામે કાર્યવાહી દરમિયાન ૩૭૯ બદમાશોની પણ ધરપકડ કરવામાં આવી છે. આર્મ્સ એક્ટ હેઠળ કુલ ૫ ગુનેગારોને દબોચી લેવાયા છે. આ પાંચેય આરોપીઓ પાસેથી ૪ ફાયર હથિયાર, ૯ કારતુસ, ૪ કાપા અને એક ધારદાર હથિયાર જપ્ત કરવામાં આવ્યા છે. તેમજ એનડીપીએસ એક્ટ હેઠળ ૩૪ સામે કેસ દાખલ કરાયા અને ૩૯ ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે.

ઉપરાંત કાર્યવાહી દરમિયાન જુગાર એક્ટ હેઠળ ૫૭ ગુનેગારોની ધરપકડ કરી કુલ ૯૪૩૨૫ રૂપિયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી અશોક ગહેલોતે તાજેતરમાં જ પોલીસ વિભાગની બેઠકમાં ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો.

સીએમએ પોલીસને આદેશ આપતા કહ્યું હતું કે, વાતાવરણ ડહોળનારા ગુનેગારો સામે તેમજ યુવતીઓની પજવણી કરનારાઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરે. તેમણે ડીજીપીને આદેશ આપતા કહ્યું હતું કે, યુવતીની પજવણી કરનારા રોમીયોના નામ રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશન અને સ્ટાફ સિલેકશન બોર્ડને મોકલવામાં આવે, જેથી ભવિષ્યમાં તેમને કોઈપણ સરકારી નોકરીની તક ન મળે. અમે રાજસ્થાનમાં કોઈપણ સંજોગોમાં રોમીયોગીરીને બિલકુલ ચલાવી નહીં લઈએ.

# ચલાલા : ગાયત્રી સંસ્કારધામ ખાતે ફાયર સેફટીનો કાર્યક્રમ યોજાયો



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજનાં સંયુકત ઉપક્રમે ગાયત્રી સંસ્કારધામ ખાતે ફાયર સેફટી કાર્યક્રમ શાનદાન રીતે યોજાયો. જેમાં કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટયથી કરવામાં આવ્યો. જેમાં ઉપસ્થિત સંસ્થાનાં વડા પૂ. રતીદાદા, જીલ્લા ફાયર અધિકારી એચ.સી. ગઢવી, ડાયરેકટર મહેશભાઈ મહેતા, વાયરલેસ ઓફીસર એચ.પી. સરતેજા તથા ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજનાં સમગ્ર સ્ટાફગણ સહીત સ્કૂલ અને કોલેજનાં વિદ્યાર્થી ભાઈ–બહેનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. જીલ્લા ફાયર અધિકારી એચ.સી. ગઢવીએ આગથી કઈ રીતે બચવું અને બીજાને કઈ રીતે બચાવવા તે માટેની બધા બાળકોને ખુબ સરસ સમજણ આપી હતી. સાથે આવેલ ફાયરનાં તમામ જવાનોએ પ્રેકટીકલ કરી બાળકોને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું ગાંધીનાં ગુજરાતમાં અવનવા નશાકાંડ

અને સાથે સાથે જે હકિકત અને આંકડા આવી રહ્યાં છે ગુજરાત ડ્રગ્સના એકસપોર્ટ માટેનું પણ હબ બને તે દિશામાં આગળ વધી રહ્યું છે. કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહના મતવિસ્તારમાં સાણંદ ખાતે ડ્રગ્સ પકડાયેલ હતું નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો (એનસીબી) અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. તા. ૨૪–૨૫–૨૬ જુન અને ૧લી જુલાઈએ આ અંગેની ન્યાયીક પ્રક્રિયાઓ કરવામાં આવે છે. કોર્ટમાં ધરપકડ કરાયેલ ડારયેકટરની પુછપરછ માટે રીમાન્ડની માંગણી કરવામાં આવે છે. વર્ષોથી આ ડ્રગ્સનો વેપાર ચાલતો હતો અને એને કયાં મોકલવામાં આવતું હતું તેની વિગતો જાણવા માટે રીમાન્ડ માંગવામાં આવે છે અને ત્યાર પછી આ ચિંતાજનક વિષય પર કોર્ટ રીમાન્ડ મંજુર કરે છે. કોર્ટ સમક્ષ આરોપીના વકિલ દ્વારા આરોપીની જામીન માટે માંગણી કરવામાં આવે છે, કોર્ટ જામીન પણ નામંજુર કરે છે. આ ઘટના કેન્દ્રીય ગૃહમંત્રીના વિસ્તારમાં બનેલી હતી, મુખ્યમંત્રીના નજીકના વિસ્તારમાં બનેલી હતી. નાની નાની વાતે ૫૦ ગ્રામ ડ્રગ્સ પકડાયું હોય તો પણ ગૃહ રાજયમંત્રી આવીને પ્રેસકોન્ફરન્સ કરીને વાહવાહી મેળવવાનો પ્રયત્ન કરે છે. જયારે આ સમગ્ર ઘટના ક્રમમાં ૧૦ હજાર કરોડ કરતા વધારેના આંતરરાષ્ટ્રીય કિંમત ધરાવતા ડ્રગ્સ પકડાવા છતાં આરોપીઓ પકડાય છે, કોર્ટ એને જેલમાં નાખે છે, જામીન આપતી નથી, તેમ છતાં ગુજરાત સરકાર ચુપ છે, ગૃહ રાજયમંત્રી ચુપ છે, રાજયના પોલીસ વડા ચુપ છે, આખી કહેવાતી સંદેવનશીલ સરકાર ચુપ છે. તેનો સ્પષ્ટ મતલબ છે કે ફાર્માસ્યુકીટલ કંપનીઓની આડમાં ડ્રગ્સનું રેકેટ અને કારટેલ ચાલી રહ્યું છે અને તેના મોટા માથાઓ ભાજપના મોટા માથાઓ સાથે સંપર્કમાં છે ? શું સરકારમાં બેઠેલા લોકો પ્રભાવીત છે અથવા દબાયેલ છે ? અથવા કયાંકને કયાંક તેમની ભાગીદારી હશે એટલે કદાચ તેઓ ચુપ છે ? ૫૦૦ કિલો ડ્રગ્સ પકડાય અને તેના પુરાવા હોય તેમ છતાં સરકાર ચુપ હોય ત્યારે અમે સરકારને પુછવા માંગીએ છીએ, રાજયના મુખ્યમંત્રીને પુછવા માંગીએ છીએ, રાજયના ગૃહમંત્રીને પુછવા માંગીએ છીએ, રાજયના પોલીસ વડાને પુછવા માંગીએ છીએ કે, ખરેખર આ એન.સી.બી.એ ૫૦૦ કિલો ડ્રગ્સ એ શું હતું ? શું કાર્યવાહી થઈ ? રાજય સરકારનો શું રોલ હતો ? કેન્દ્રની એજન્સીઓનો શું રોલ હતો ? અને આ બધાને છુપાવવા માટેના શું કારણો છે ? કોની મીલી ભગત છે ? કોનુ દબાણ છે ? દિલ્હીમાં બેઠેલા લોકોનો કોઈ આદેશ છે ? ચુપ રહેવાનું શું કારણ છે તે પ્રજા વતી અમે પુછવા માંગીએ છીએ. સરકાર આ બાબતે નિવેદન અને ખુલાસો કરો. જેથી કરીને ગુજરાતની પ્રજા એ જાણી શકે કે અમારી આવનારી પેઢીઓ માટે સરકાર કેટલી ચિંતીત છે.

ડ્રગ્સ અને દારૂ ગુજરાત માટે, આપણી યુવા પેઢી માટે ખુબ ચિંતાનો વિષય છે. આજે જે રીતે ગુજરાતમાં શાંતિ સલામતી જળવાઈ રહી એની પાછળ ગુજરાતમાં દારૂબંધીનો કાયદો કારણભૂત છે. પાછલા ત્રણ દાયકામાં પોલીસ પ્રશાસન અને સરકારની મિલીભગતના કારણે દારૂબંધીનો કાયદો હોવા છતાં પણ ગુજરાતની ગલીએ ગલીએ દારૂ વેચાય છે પણ થોડા વર્ષોથી ગુજરાત ડ્રગ્સનું પ્રોસેસિંગ, કન્ઝમશન અને એકસપોર્ટ હબ બન્યું છે. દારૂના દુષણથી પણ વધુ ડ્રગ્સનું દુષણ યુવા પેઢીમાં વધ્યું છે. થોડા સમય પહેલા તથ્ય પટેલ દ્વારા જે હિટ એન્ડ રન પ્રકારનો એકસીડન્ટ કરીને નવ લોકોને કચડીને મારી નાખવાનો કિસ્સો સામે આવ્યો તેની પાછળ પણ ડ્રગ્સ જેવા દુષણો જવાબદાર હોઈ શકે છે જે આજની ટીનેજર પેઢીને બરબાદ કરી રહ્યું છે.

ગુજરાતમાં જયારે પણ ડ્રગ્સ પકડાય ત્યારે સરકાર તેની વાહવાહી લુંટે છે પરંતુ તેમાં આજસુધી મંગાવનારા અને મોકલનારા કોઈ મોટા માથા પકડાયા હોય તેવું કયાય રેકોર્ડમાં નથી. હાલમાં જ સમાચાર પત્રોમાં છપાયેલ ખબર ઉપર સરકાર પણ હજુ સુધી ચુપ છે તેમાં જોવા મળતી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહમંત્રીના મતવિસ્તાર સાણંદ તાલુકામાં કેરાલા જી.આઈ.ડી.સી. માં એક ફાર્માસ્યુંટીકલ કંપનીમાં એન.સી.બી.એ પાડેલા દરોડામાં ફાર્માસ્યુંટીકલ કંપનીમાં પ્રોસેસમાં લેવાતું ડ્રગ્સ પકડાયું છે જેમાં આફ્રિકામાં એકસપોર્ટ કરવા માટેનું ૫૦૦ કિલો પ્રતિબંધિત ડ્રગ્સ ૪૦૦ જેટલા ડ્રમમાં એન.સી.બી.ને જોવા મળ્યું. આ પ્રતિબંધિત ડ્રગ્સની કિંમત આશરે ૧ કિલોની ૧ કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવે છે અને વિદેશમાં તેની ૨૦ ગણી કિંમત આંકવામાં આવે છે તેવી માહિતી સમાચાર માધ્યમોથી પ્રાપ્ત થઈ રહી છે. આ પ્રમાણે જોઈએ તો સીઝ કરેલા ૫૦૦ કિલો ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત આશરે ૧૦,૦૦૦ કરોડ થાય છે.

આટલી મોટી કિમતનું ડ્રગ્સ પકડાવાની માહિતી સમાચાર માધ્યમોમાં પ્રકાશિત થતી હોય તેમ છતાં તેની કોઈ ચર્ચા અને ઊંડી તપાસ સરકાર તરફથી ના થાય તે આપણા સૌ માટે ચિંતાજનક બાબત છે. સાથેસાથે આ શંકાનો પણ વિષય છે કે શું આમાં કોઈ મોટા માથા સંડોવાયેલા છે ? આમાં કોની મિલીભગત છે ? શું ગૃહમંત્રીનો મતવિસ્તાર હોવાથી ઉપરથી કોઈ દબાણ લાવવામાં આવ્યું છે ? આ કેસમાં સામેલ અધિકારીઓની પણ તાત્કાલિક બદલી કરી દેવામાં આવી છે તેવી માહિતી પણ સમાચાર માધ્યમોથી મળે છે. શું આમાં કોઈ મોટો તોડ થયાની શકયતાઓ છે ?

છેલ્લા ૭ વર્ષમાં આખા ગુજરાતમાંથી લગભગ ૪૦,૦૦૦ કરોડ કરતા વધુની કિંમતનું ડ્રગ્સ પકડાયાની જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવી છે અને આજે જયારે સાણંદની કેરાલા જી.આઈ.ડી.સી. માંથી આટલી મોટી કિંમતનું ડ્રગ્સ પકડાય તે છતાં સરકાર, પોલીસ, પ્રશાસન બધા ચુપ હોય તે ખુબ ચિંતાજનક બાબત છે. આખા દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં ડ્રગ્સની ખુબ મોટી કાર્ટેલ ચાલતી હોય, ગુજરાત ડ્રગ્સનું લેન્ડીંગ હબની સાથેસાથે પ્રોસેસિંગ હબ બની રહ્યું હોય ત્યારે ફાર્માસ્યુંટીકલ કંપનીઓની આડમાં ડ્રગ્સનું આખું નેટવર્ક ચાલી રહ્યું હોય તેવું સ્પષ્ટ દેખાય છે. હાલમાં જ સાવલી ખાતે મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાયું, તે પહેલા વાપી ખાતે પણ કરોડોની કિંમતનું ડ્રગ્સ પકડાયું તે જોતા એ સ્પષ્ટ દેખાય છે કે ગુજરાત હવે ડ્રગ્સનું લેન્ડીંગ, પ્રોસેસિંગ અને એક્ષપોર્ટ હબ બની રહ્યું છે.

આ સંદર્ભે પાર્લામેન્ટમાં સરકાર દ્વારા અપાયેલ જવાબમાં રજુ કરવામાં આવ્યું કે ૨૦૦૬ થી ૨૦૧૩ અને ૨૦૧૪ થી ૨૦૨૨ દરમિયાન પકડાયેલ ડ્રગ્સના આંકડામાં ખુબ મોટો વધારો થયો છે. ૨૦૦૬ થી ૨૦૧૩ માં જપ્ત કરાયેલ ડ્રગ્સ ૨૨ લાખ ૪૫ હજાર કિલો હતું, જે નરેન્દ્રભાઈના કાર્યકાળ માં ૨૦૧૪ થી ૨૦૨૨ માં ૬૨ લાખ ૬૦,૦૦૦ હજાર કિલો સુધી પહોંચી ગયું જે બતાવે છે કે આમાં ૧૮૦% થી પણ વધુનો વધારો થયો છે. ૨૦૦૬ થી ૨૦૧૩ માં ૧૦ કરોડ યુનિટ ડ્રગ્સ પકડાયું ત્યારે ૨૦૧૪ થી ૨૦૨૨ માં ૧૩૪% ના વધારા સાથે તે આંકડો ૨૪ કરોડ યુનીટે પહોંચી ગયો છે. કિંમતમાં જોવા જઈએ તો ૨૦૦૬ થી ૨૦૧૩ માં આ પકડાયેલ ડ્રગ્સની કિંમત આશરે ૩૩,૦૦૦ કરોડ જેટલી હતી પણ ૨૦૧૪ થી ૨૦૨૨ માં આ રકમમાં ત્રણ ગણો વધારો થઈને ૯૭,૦૦૦ કરોડે પહોંચી ગઈ છે. ૨૦૦૬ થી ૨૦૧૩ માં ટોટલ કેસીસ ૧,૪૫,૦૬૨ નોંધાયા હતા જયારે તેમાં ૧૮૫% નો વધારો થઈને ૨૦૧૪ થી ૨૦૨૨ માં આ કેસીસની સંખ્યા ૪,૧૪,૬૯૭ સુધી પહોંચી છે. અને તે રીતે ગુનેગારો પણ ખુબ વધી ગયા છે. પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીનું હોમ સ્ટેટ હોવા છતાં ગુજરાતની અને દેશની આ પરિસ્થિતિ અને આ આંકડા ખુબ મોટી ચિંતાનો વિષય છે.

આ અંગે અમિતભાઈ ચાવડાએ માંગણી કરતા જણાવ્યું કે કેન્દ્રીય ગૃહમંત્રીના મતવિસ્તારમાં ૧૦,૦૦૦ કરોડનું ડ્રગ્સ પકડાય તેવું તમામ સમાચાર માધ્યમોમાં પ્રકાશિત થાય ત્યારે રાજયના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી કેમ ચુપ છે તે જવાબ આપે. સાથેસાથે સ્પષ્ટ કરે કે ત્યાં શું પકડાયું છે, કેવી રીતે પકડાયું છે, કોના દ્વારા પકડાયું છે, કોણ લોકો સામેલ છે, કોણ ગુનેગારો છે અને એમને પકડવામાં આવ્યા છે કે કેમ તે સ્પષ્ટ કરે. સાથે સાથે તેમણે માંગણી કરી કે ભાજપની ડબલ એન્જીન સરકારમાં ગુજરાતને ડ્રગ્સનું હબ બનતું અટકાવવા માટે હાઈકોર્ટના સીટીંગ જજના નેતૃત્વમાં એક હાઈપાવર કમિટી બનાવવામાં આવે, આ ક્ષેત્રના નિષ્ણાંતોને તેમાં સામેલ કરવામાં આવે અને ડ્રગ્સ કેટલા પ્રમાણમાં, કઈ રીતે, કઈ કાર્ટેલ દ્વારા ગુજરાતમાં આવે છે તેની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. હાલમાં ફાર્માસ્યુંટીકલ કંપનીની આડમાં આવા પ્રતિબંધિત ડ્રગ્સનું મેન્યુફેકચરિંગ, વેચાણ અને એક્ષપોર્ટ કરવામાં આવે છે અને સ્કૂલો, કોલેજો અને યુનિવર્સીટીની આસપાસ મળતા ડ્રગ્સના લીધે આજની યુવા પેઢી બરબાદ થઈ રહી છે તે માટે સરકાર એક ઝુંબેશ ઉપાડે અને આવી ફાર્માસ્યુંટીકલ કંપનીઓ ઉપર કાયદાકીય પગલા લે અને યુવા પેઢીને બરબાદ થતા અટકાવે. પક્ષા–પક્ષીથી ઉપર થઈને ગુજરાતની આવનારી પેઢીને બચાવવા માટે પગલા ભરવા અમે માંગણી કરીએ છીએ. અમે સરકારને પુછવા માંગીએ છીએ, રાજયના મુખ્યમંત્રીને પુછવા માંગીએ છીએ, રાજયના ગૃહમંત્રીને પુછવા માંગીએ છીએ, રાજયના પોલીસ વડાને પુછવા માંગીએ છીએ કે, ખરેખર આ એન.સી.બી.એ ૫૦૦ કિલો ડ્રગ્સ એ શું હતું ? શું કાર્યવાહી થઈ ? રાજય સરકારનો શું રોલ હતો ? કેન્દ્રની એજન્સીઓનો શું રોલ હતો ? અને આ બધાને છુપાવવા માટેના શું કારણો છે ? કોની મીલી ભગત છે ? કોનુ દબાણ છે ? દિલ્હીમાં બેઠેલા લોકોનો કોઈ આદેશ છે ? ચુપ રહેવાનું શું કારણ છે તે પ્રજા વતી અમે પુછવા માંગીએ છીએ. સરકાર આ બાબતે નિવેદન અને ખુલાસો કરો. જેથી કરીને ગુજરાતની પ્રજાએ જાણી શકે કે અમારી આવનારી પેઢીઓ માટે સરકાર કેટલી ચિંતીત છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત આ પત્રકાર વાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ તથા પ્રવકતા ડો. અમિત નાયક ઉપસ્થિત રહ્યાં હતાં.

## પાના ૧ ઉપરનું ચાલું રાહુલ ગાંધીનાં સાંસદપદને

નેતાઓમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. હવે રાહુલ ગાંધી ફરીવાર સંસદમાં જોવા મળશે. તેઓ તાજેતરમાં ચોમાસા સત્રમાં પણ ગૃહમાં જોવા મળી શકે છે. તેમનું સાંસદ પદ મેળવવા માટે કોંગ્રેસ દ્વારા તમામ દસ્તાવેજી કાર્યવાહી પૂરી કરાયા બાદ માત્ર લોકસભા સ્પીકરની મંજૂરી મેળવવા માટે જ આ મામલો અટવાઈ રહ્યો હતો. હવે આ મંજૂરી મળતાં સંસદ પહોંચાવાનો રાહુલનો માર્ગ સાફ થઈ ગયો છે. એનસીપી નેતા અને લક્ષદ્વીપના સાંસદ પી.પી. મોહમ્મદ ફૈઝલના કેસમાં બહાલીમાં એક મહિનાથી વધુ સમય લાગી ગયો હતો. જોકે હવે સુપ્રીમ કોર્ટે તેમની સજા પર રોક લગાવતા કહ્યું હતું કે ટ્રાયલ જજ દ્વારા મહત્તમ સજા સંભળાવવા માટે કોઈ કારણ આપવામાં આવ્યું નથી. અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી દોષિત ઠેરવવાના આદેશ પર સ્ટે મુકવો જરૂરી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** દોશી કાંતિલાલ દલીચંદ(ન્યુઝ પેપર એજન્ટ)નાં સુપુત્ર મહેશભાઈ(ઉ.વ. ૭૨) તે કિરીટભાઈ, કુમારભાઈ, દીપકભાઈ, પ્રદીપભાઈ, નિલેશભાઈ, પારસભાઈ, ચેતનાબેન, ભાવનાબેનનાં ભાઈનું તા. ૭/૮/૨૦૨૩ નાં રોજ મુંબઈ મુકામે અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૮/૮/૨૦૨૩ને મંગળવારનાં રોજ સાંજે ૪ થી ૬ વિશા શ્રીમાળી જૈન મહાજન વાડી, દેરાસર શેરી, સાવરકુંડલા ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું સા.કુંડલા શહેરની ખાનગી હોસ્પિટલ

પીએમઓ ન્યુ દિલ્હી સુધી લેખિત ફરિયાદો પણ કરેલ.

જેમાં ગ્રાહક સુરક્ષા, ઈન્કમટેકસ, જીએસટી, ડ્રગ્સ કંટ્રોલ, આરોગ્ય વિભાગ, નાણા વિભાગ, મુખ્યમંત્રી કાર્યાલય, મુખ્ય સચિવ ગાંધીનગર સુધી ઉચ્ચ સત્તાવાળાનો આવી ગેરરિતીઓની ફરિયાદની ચકાસણી કરી લોકોનાં આરોગ્ય સાથે ખીલવાડ કરતા તત્વો સામે નમુનારૂપ કડક કાર્યવાહી હાથ ધરવા રજૂઆત કરી હતી.

આ ઉપરાંત મેડિકલ કાઉન્સિલ ઓફ ગુજરાત જે કંટ્રોલ ઓથોરિટી કહેવાય છે તેમને પણ અમદાવાદ તેમના કમિશ્નરને આ બાબતે લેખિત ફરિયાદ પણ કરેલ.

જેનાં ભાગરૂપે આજે સાવરકુંડલા નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટેટ ડી.એસ. ભાલાળા, આઈ.એ.એસ. દ્વારા જિલ્લા આરોગ્ય અધિકારી અને તાલુકા હેલ્થ ઓફિસર સાવરકુંડલાને તમામ ખાનગી હોસ્પિટલો અને મેડિકલ સ્ટોર્સની ચકાસણી કરી તાત્કાલિક રિપોર્ટ રજૂ કરવા જણાવાયું છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરા પંથકમાંથી વિદેશીદારૂની

કામગીરી કરવા સુચના આપેલ હોય, જેનાં પરીણામલક્ષી કામગીરી કરી આવી ગુન્હાહિત પ્રવૃતિ કરતાં ઈસમોને ઝડપી પાડવા બાબરા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટર આર.ડી. ચૌધરીની સુચનાથી બાબરા પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઈન્સ. એ.એમ. રાધનપરા તેમજ બાબરા પોલીસ સર્વેલન્સ ટીમ બાબરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

તે દરમ્યાન બાતમી હકીકત આધારે કરીયાણા ગામે વોચમાં રહેતા એક સફેદ કલરની બોલેરો નીકળતા તેને પોલીસ સ્ટાફ દ્વારા રોકવાનો પ્રયાસ કરતા ઉભી નહીં રાખતા આ બોલેરોનો પીછો કરતા બાબરા કરીયાણા રોડ ઉપર આવેલ સોનપરી પુલ તરીકે ઓળખાતી જગ્યાએ બોલેરો ચાલક પોતાનાં હવાલા વાળી બોલેરો રજી નં. જીજે ૧૪ એકસ ૨૮૧૭ની મુકી નાસી ગયેલ હોય અને સદરહુ બોલેરો વાહનમાં ચેક કરતા રોયલ ચેલેન્જ ફાઈન રીઝર્વ વ્હીસ્કીની બોટલ નંગ–૩૩૨, એકડોલ્સ નં.૧ ડીલકસ વ્હીસ્કીની બોટલ નંગ–૮૪, એકડોલ્સ નં.૧ ડીલકસ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ–૧૯૨ મળી કુલ બોટલ નંગ ૬૦૮ કિંમત રૂપિયા ૨,૨૧,૪૨૦ તથા બોલેરો વાહન રજી નં. ૧૪ એકસ ૨૮૧૭ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૭,૨૧,૪૨૦ મુદ્દામાલ પકડી પાડેલ છે. જયારે નાશી છુટેલા વાહન ચાલકની શોધખોળ આદરી છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૩૫૧ | ૧૫૩૧ |
| ૨ | શીંગ દાણા | ૧૭૫૧ | ૨૦૦૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૫૦ | ૩૫૫૦ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૧૮૦ |
| ૫ | જીરૂ | – | ૧૦૦૦૦ |
| ૬ | કપાસ | ૧૦૧૦ | ૧૫૧૬ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૩૧ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | – |
| ૧૧ | મગ | – | ૧૫૦૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૯૭૮ |
| ૧૩ | તુવેર | – | ૧૯૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૫ | ૨૧૦૧ |
| ૨ | મગફળી | ૧૧૧૧ | ૧૨૫૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૬૧ | ૪૮૬ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૨૧ |
| ૫ | મગ | ૧૪૧૫ | ૧૫૬૦ |
| ૬ | તલ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ૭ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૮ | તુવેર | ૧૭૩૦ | ૧૭૭૫ |
| ૯ | સોયાબીન | ૬૪૫ | ૯૦૫ |
| ૧૦ | શીંગ દાણા | ૧૦૦૦ | ૨૧૦૦ |
| ૧૧ | રાઈ | ૧૧૮૫ | ૧૧૮૫ |

સંકુલ MBA - MCA - ફાર્મસી – B.Ed પ્રવેશ ચાલુ
MA - M.Com. - M.Sc.- PG DMLT પ્રવેશ ચાલુ
* M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી – કેમેસ્ટ્રી
* PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝુલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ
* MA સાયકોલોજી – MA સોસીયોલોજી – MA ઈંગ્લીશ
* M.Com. ગુજરાતી મિડીયમ & M.Com. ઈંગ્લીશ મિડીયમ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચાડાવડ રોડ, અમરેલી * ફોન:[illegible] Ad057

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૭૦ |
| ૨ | ચણા | ૯૧૦ | ૯૬૯ |
| ૩ | જીરૂ | ૯૫૦૦ | ૧૦૫૦૦ |
| ૪ | ધાણા | ૧૨૨૫ | ૧૬૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૦૦ | ૧૫૯૭ |
| ૨ | શિંગ મોટી | ૧૧૮૫ | ૧૭૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૪૫૦ | ૨૩૧૫ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૬૫૦ | ૧૮૨૫ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૩૫૫૬ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૩૫૭ |
| ૭ | બાજરો | ૩૫૧ | ૪૭૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૫૩ | ૫૩૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૪૮ | ૫૩૪ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૧ | ચણા | ૭૫૬ | ૧૦૨૧ |
| ૧૨ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૯ |
| ૧૩ | એરંડા | ૧૦૭૦ | ૧૨૩૭ |
| ૧૪ | જીરૂ | ૧૧૯૨૫ | ૧૧૯૨૫ |
| ૧૫ | ધાણા | ૯૫૦ | ૧૫૦૦ |
| ૧૬ | સોયાબીન | ૯૦૫ | ૯૪૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૪૯૧ |
| ૨ | મગફળી | ૧૩૬૫ | ૧૩૬૫ |
| ૩ | ઘઉં | ૩૭૬ | ૩૭૬ |
| ૪ | ધાણા | ૯૭૫ | ૯૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૨ | ચણા | ૫૪૫ | ૯૧૪ |
| ૩ | ઘઉં લોકવન | ૪૬૬ | ૪૬૬ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૧૯ |
| ૫ | સોયા | ૯૨૦ | ૯૨૨ |
| ૬ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | ધાણા | ૮૦૦ | ૧૩૦૦ |
| ૮ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૧૫ |
| ૯ | તલ કાળા | ૩૦૧૦ | ૩૦૧૦ |
| ૧૦ | મગફળી | ૧૫૧૦ | ૧૫૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૫૧૫ | ૧૫૯૦ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૪૨૫ |
| ૩ | તલ કાળા | ૩૦૦૧ | ૩૧૩૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૫ | બાજરો | ૪૨૧ | ૪૭૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૦૦ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૯૫૦ |
| ૮ | મગ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૯ | મઠ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | ચણા | ૬૦૦ | ૧૦૦૧ |
| ૧૧ | શીંગદાણા | ૨૧૦૦ | ૨૨૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૦૧ | ૯૨૫ |

### વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના પ્રયાસોથી વૈશ્વિક ઓળખ મળતા મિલેટ્સની માંગ વધશે

# અમરેલી જિલ્લાના ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે અને ગાય આધારિત ખેતી કરવા અનુરોધ કરતા કેન્દ્રીય મંત્રી

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે 'શ્રીઅન્ન' બાજરીના મહત્વ વિશે ખેડૂતો સાથે પરિસંવાદ યોજાયો





અમરેલી, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ભગીરથ પ્રયાસોના કારણે ભારતના જાડા ધાન્ય 'શ્રીઅન્ન'ને નવી વૈશ્વિક ઓળખ મળી છે. વર્ષ ૨૦૨૩ ને સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહયું છે. ત્યારે, અમરેલી જિલ્લાના ખેડૂતો પારંપરિક જાડા ધાન્યમાં બાજરીની ખેતી વિશે વૈજ્ઞાનિક અને આધુનિક કૃષિ લગતી માહિતી મેળવે તેવા હેતુથી જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી ખાતે કેન્દ્રીય ફિશરીઝ, પશુપાલન, ડેરી મંત્રી પરશોતમભાઇ રૂપાલાના અધ્યક્ષ સ્થાને એક પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદ કાર્યક્રમમાં ખેડૂતોના પ્રશ્નો સાંભળી કેન્દ્રીય મંત્રી તેમજ ગુજકોમાસોલકના ચેરમેન દિલીપભાઇ સંઘાણીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ પોતાના એક પ્રવચનમાં અમરેલી જિલ્લાના બાબરકોટના સુપ્રસિધ્ધ બાજરાના પાક વિશે કરેલા ઉલ્લેખ કર્યો હતો. તેમની એ વાતને ટાંકતા કેન્દ્રીય મંત્રી પરશોતમભાઇ રૂપાલાએ જણાવ્યું હતુ કે, 'શ્રીઅન્ન' એટલે કે જુવાર, બાજરી, નાગલી વગેરે એ ભારતની પ્રાચીન સભ્યતાનો ભાગ રહયા છે. જયારે બાબરકોટની વાત આવે ત્યારે બાબરકોટ અને બાજરો એકબીજાના પર્યાય છે.

બાબરકોટના બાજરાના સેમ્પલનું આઈ.સી.આર. દ્વારા પરીક્ષણ કર્યા બાદ તેને શ્રેષ્ઠ ગુણવત્તાનો બાજરો હોવાનું તારણ આપવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી આપણા શ્રીઅન્નને વૈશ્વિક ઓળખ મળતા તેની માંગ વધવાની છે.

આ સ્થિતિમાં સમગ્ર વિશ્વમાં 'શ્રીઅન્ન' સૌથી મોટા ઉત્પાદક તરીકે ભારત વિકસી આવે અને વૈશ્વિક માંગને પહોંચી વળી શકીએ તેવી રતી ખેડૂતો 'શ્રીઅન્ન'ની ખેતી કરે તેવું સૂચન કેન્દ્રીય મંત્રીંએ કર્યુ હતુ. આ ઉપરાંત તેમણે રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને નેનો યુરિયાનો ઉપયોગ કરવાનું સુચન કર્યુ હતુ. જયારે 'શ્રીઅન્ન'ની ખેતી કરતા ખેડૂતોને ગાય આધારિત અને અત્યાધુનિક ઢબે ખેતી કરવાનું સૂચન કર્યુ હતુ.

ભારત સરકાર દ્વારા ખેડૂતોને વધુ સારું બિયારણ પહોંચાડી શકાય તે માટે કરવામાં આવી રહેલા પ્રયાસો અંગે પણ તેમણે જણાવ્યું. તેમણે ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ, ડ્રીપ ઈરિગેશન આધારિત વૈજ્ઞાનિક ઢબની ખેતી અપનાવી વધુ ઉત્પાદન મળી શકે છે તેમ હોય ખેડૂતોને આ પધ્ધતિઓ અપનાવવા તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ ખેડૂતોને જણાવ્યું હતુ કે, ખેડૂતોની ઉપજને માર્કેટીંગના અભાવે સારો અને પોષણક્ષમ ભાવ ન મળે તેવી સ્થિતિ ન નિર્માણ પામે તેથી ગુજકોમાસોલ ખેત ઉપરજ ખરીદી અને તેનું માર્કેટિંગ કરશે. તેમણે ભારત સરકાર દ્વારા સહકારી ક્ષેત્રે કરવામાં આવી રહેલી ખેડૂતલક્ષી કામગીરીની પણ વિગતવાર માહિતી આપી હતી.

કાર્યક્રમના પ્રારંભે એનસીસીએસડીના ચેરમેન ડો. કીરીટ શેલતે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. આ કાર્યક્રમમાં મહેમાનોને 'મિલેટ બોકસ' આપી આવકારવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કૃષિ યુનિવર્સિટી, જુનાગઢના કુલપતિ ડો. ચોવટિયા તેમજ અધિકારીઓ, ખેડૂતો અને સહકારી આગેવાનો સહિતના ઉપસ્થિત રહયા હતા.




## મેના વ્રત

શ્રી કૃષ્ણને નમન કર્યુ.

પાંડવોને દુઃખી જોઈ શ્રીકૃષ્ણના શરીરમાં ક્રોધ ઉત્પન્ન થયો અને કૌરવોને બાળી નાખવાની તમેને ઈચ્છા થઈ. તેથી ભકતવત્સલ ભગવાનનું મુખ કરોડો કાળના જેવું વિકરાળ થઈ થયું. ત્રણે લોકને જાણે બાળી નાખવા માંગતા હોય તેમ આવેશથી બંને હોઠને દાંત વતી તે પીસવા લાગ્યા.

શ્રીકૃષ્ણનું આવું રૌદ્ર સ્વરૂપ જોઈ તે વખતે અર્જુન વીર હોવા છતાં ધ્રુજી ઉઠયો. ભયથી બે હાથ જોડી શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યો :


'હે શ્રીકૃષ્ણ ! આપ સર્વ કારણોના પણ કારણ અને વેદો તથા વેદોના અંગરૂપ સર્વ શાસ્ત્રોનાં બીજના પણ બીજરૂપ છો. આપ જ જીવમાત્રના પાલનકર્તા છો. એવા ઈશ્વર, તમને શ્રીકૃષ્ણને હું વંદન કરું છું. પોતે સર્જેલા સમગ્ર જગતનો નાશ કરવા કેમ તૈયાર થાઓ છો ? આપના ક્રોધને શાંત કરો. ઘરમાંના મચ્છરોને બાળી નાખવા પોતાનું ઘર કોણ બાળી નાખે ?'

શત્રુવીરોનો નાશ કરનારા અર્જુને એ પ્રમાણે વિનંતી કરી, બે હાથ જોડી જનાર્દન શ્રીકૃષ્ણ ભગવાનને પ્રણામ કર્યા.

અર્જુનની સ્તુતિથી ભકતોનું દુઃખ હરનાર શ્રીકૃષ્ણ ભગવાન ચંદ્ર જેવા સૌમ્ય (શાંત સ્વરૂપ) થયા. પાંડવોએ શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને વતનના કંદમૂળ તથા ફળથી તેમનો સત્કાર કર્યો.'

ભગવાન કૃષ્ણ બોલ્યા : 'હે કૌંતેય ! હું સ્વયં પરમાત્મા હોવા છતાં સર્વે દુઃખોને સહન કરી લઉ છું, પરંતુ મારા ભકતો ઉપર રાઈના દાણા જેટલું પણ દુઃખ આવે તે હું સહન કરી શકતો નથી, ભકતોના દુઃખને દુર કરવા માટે જ હું અજન્મા હોવા છતાં યુગે યુગે અવતાર ધારણ કરું છું.'

ત્યારે અર્જુને પૂછયું : 'હે પ્રભુ ! અમારા આ દુઃખનો કોઈ ઉપાય છે ?' **(ક્રમશઃ)**



**સંપાદક : મહેન્દ્ર જોષી**

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

### રાજય યુવક બોર્ડની સુચનાથી

# અમરેલી ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પહાર કરવામાં આવ્યાં

## યુવા નેતા મનિષ સંઘાણી ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૭

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવક બોર્ડ–ગાંધીનગર દ્વારા સમગ્ર રાજયમાં તા. ૩૦ જુલાઈથી ૬ ઓગષ્ટ સુધી સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ હોઈ, જે અંતર્ગત અમરેલી ખાતે તા. ૫ ઓગષ્ટનાં રોજ બપોરનાં ૧ કલાકે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવક બોર્ડ અમરેલી દ્વારા અમરેલી–ગીરસોમનાથ ઝોનનાં પ્રભારી નેહલ(ગટુ) રામાણી, ઝોન સંયોજક ધાર્મિક રામાણીનાં માર્ગદર્શન તળે બગીચાની સફાઈ સાથે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ યુવા ભાજપ ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી, અમરેલી જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતન શિયાળ, મહામંત્રીઓ મૌલિક ઉપાધ્યાય, જગદીશ નાકરાણી સહિતનાં યુવા આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

તેમ સંસ્થાનાં શહેર સંયોજક અલ્પેશ અગ્રાવત, સોહમ વાજાની સંયુકત અખબારી યાદીમાં જણાવેલ છે.

### રેલ્વે સ્ટેશનનાં આધુનિકરણને લઇને

# સા.કુંડલા ખાતે શિલાન્યાસનો વર્ચુઅલ કાર્યક્રમ યોજાયો

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માર્ગદર્શન આપેલ



સાવરકુંડલા, તા. ૭

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે ૫૦૮ રેલ્વે સ્ટેશનના શિલાન્સ પ્રસંગે સાવરકુંડલા ખાતે શિલાન્યાસનો વર્ચુઅલ કાર્યક્રમ સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય મહેશ કસવાલાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

જેમાં સાવરકુંડલા, દામનગર, મહુવાના રેલ્વે સ્ટેશનો આધુનિક બને તે માટે કેન્દ્ર સરકાર દ્વારા ૨૪,૪૭૦ કરોડના ખર્ચે પુનઃ વિકાસના નેજા નીચે રંગારંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા રહયા હતા. ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતના ભાજપના નેતાઓ ઉપસ્થિત રહયા હતા. સાવરકુંડલાનું આધુનિક રેલ્વે સ્ટેશન પુનઃ વિકાસ શિલાન્યાસ પ્રધાનમંત્રી મોદીના વરદહસ્તે ૧૮.૯૨ કરોડના ખર્ચે થશે ને રંગારંગ કાર્યક્રમમાં વિકાસની નવી ભેટ સાવરકુંડલા લીલીયા પંથક સાથે અમરેલી જિલ્લામાં મળી હોય ને કેન્દ્રમાં ભાજપની સરકાર દ્વારા વિકાસની નવી કેડી કંડારી છે.

# સાવરકુંડલા : જિલ્લા ફેર બદલી થતા પ્રાથમિક શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો





સાવરકુંડલા, તા. ૭

ગુજરાત રાજય પ્રાથમિક સંઘના સઘન પ્રયાસથી સમગ્ર ગુજરાતના જિલ્લા ફેર બદલી કેમ્પ યોજાઈ ગયા અને ઘણા વર્ષોથી વતનમાં જવા ઈચ્છતા પ્રાથમિક શિક્ષકો પોતાના ગતવ્યવસ્થાને જવા માટેનો મોકળાશ પ્રાપ્ત થઈ તે અનુસંધાને અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાંથી પણ ઘણા શિક્ષકો પોતાના ઈચ્છિત જિલ્લામાં જવાનો મોકો પ્રાપ્ત થયો. તારીખ ૩૧/૦૭/૨૦૨૩ ના રોજ કુંડલા તાલુકાના જિલ્લા ફેર થતા શિક્ષકોને માનભેર વિદાય આપવામાં આવી.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ વિંછીયા, તાલુકાના પ્રમુખ કૃપાલસિંહ જાડેજા, મંત્રી અલ્પેશસિંહ જાડેજા, ઉપપ્રમુખ ગુલઝારભાઈ રાઠોડ અને ઈન્ચાર્જ ટી.પી.ઓ. નરેન્દ્રભાઈ જોષી, બીઆરસી દર્શનાબેન જોષી મંડળીના અને તાલુકા ઘટક સંઘના કારોબારી સભ્ય તમામ પે.સેન્ટર શાળાના આચાર્યો હાજર રહયા હતા.

પ્રમુખ મહેન્દ્રભાઈ વિર્છીયા (અ.વિ.પ્રા.શિ.સંઘના પ્રમુખ)ના હસ્તે તમામ ૩૯ શિક્ષકોની શ્રીફળ સાકરનો પડો અને પુષ્પગુચ્છ અર્પણ કરી માનભેર વિદાય આપવામાં આવી.

આ કાર્યક્રમનું સંચાલન મંત્રી અલ્પેશસિંહ જાડેજા અને ઉપપ્રમુખ ગુલઝારભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ હતુ. કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકે સાવરકુંડલા શહેરી શિક્ષક શરાફી મંડળીના પ્રમુખ દિપકભાઈ ડી. પંડયા હાજર રહયા હતા.

### લક્ષ્યાંક મુજબ કામગીરી કરવા સુચના આપતા કલેકટર

# અમરેલી જિલ્લામાં ૧,૬૫૨ પ્રાકૃતિક કૃષિ કલસ્ટર તાલીમમાં ૩૩.૧૧૫ ખેડૂતોને માર્ગદર્શન

## ખરીફ ઋતુમાં પ્રાકૃતિક કૃષિ દ્વારા પકવવામાં આવેલી ખેત પેદાશોનાં વેચાણ કેન્દ્ર શરૂ કરાશે

અમરેલી, તા.૭

પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં પ્રાકૃતિક કૃષિમાં કલસ્ટર બેઈઝ તાલીમમાં જુલાઈ–૨૦૨૩ દરમિયાન થયેલ કામગીરી બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

જુલાઈ માસનાં અંત સુધીમાં જિલ્લામાં કુલ ૧,૬૫૨ કલસ્ટર તાલીમ યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાનાં કુલ ૩૩.૧૧૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનાં વિવિધ આયામો વિષે ચર્ચા વિચારણા કરી પ્રાકૃતિક કૃષિલક્ષી માર્ગદર્શન મેળવ્યું હતું. જિલ્લામાં ૩૧૪ જીવામૃત નિદર્શન અને ૭૮૮ જેટલી ફિલ્ડ વિઝીટ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

અમરેલી ખાતે યોજાયેલ પ્રાકૃતિક કૃષિલક્ષી કામગીરીની સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેકટરએ, જિલ્લાનાં દરેક તાલુકામાં લક્ષાંક મુજબ કામગીરી કરવા સુચના આપી હતી.

આગામી ખરીફ ઋતુમાં પ્રાકૃતિક કૃષિ દ્વારા પકવવામાં આવેલી ખેત પેદાશોનાં વેચાણ માટે દરેક તાલુકામાં વેચાણ કેન્દ્રો શરૂ કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારી, આત્મા અમરેલીનાં પ્રોજેકટ ડાયરેકટ, નાયબ બાગાયત નિયામક, કૃષિ વિજ્ઞાન કેદ્રનાં વૈજ્ઞાનિક તેમજ કૃષિ સંશોધન કેન્દ્રનાં અધિકારી તેમજ દરેક તાલુકાનાં પ્રાકૃતિક કૃષિનાં નોડલ ઓફિસરઓ ઉપસ્થિત રહયા હતા.

### 'મારી માટી મારો દેશ'માટીને નમન વીરોને વંદન

# સાવરકુંડલા ખાતે તા.૧૦ ઓગષ્ટે મારી માટી મારો દેશ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૭

આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત ગત વર્ષે 'હર ઘર તિરંગા' અભિયાન યોજાયું હતું. આ વર્ષે સ્વાતંત્ર્ય પર્વનાં અવસરે આ કાર્યક્રમની સાથે માતૃભુમિનાં વીરો અને રાષ્ટ્રની માટીને વંદન કરવાનાં હેતુંથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સમગ્ર દેશમાં 'મારી માટી, મારો દેશ કાર્યક્રમ યોજવામાં આવશે.

આ કાર્યક્રમનાં ભાગરૂપે સાવરકુંડલા સ્થિત મહુવા રોડ ખાતેનાં જનતા બાગે, આગામી તા.૧૦ ઓગસ્ટ–૨૦૨૩ને ગુરૂવારનાં રોજ સવારે ૯ વાગ્યે મારી માટી મારો દેશ'' કાર્યક્રમ સાવરકુંડલા નગરપાલિકા દ્વારા યોજાશે. શીલાફલકમનું સમર્પણ, પંચપ્રણ પ્રતિજ્ઞા અને આઝાદીનાં અમૃત મહોત્સવના ૭૫ વર્ષનાં ઉપલક્ષમાં ૭૫ વૃક્ષોનું વાવેતર કરીને અનોખી ઉજવણી કરવામાં આવશે. આમ, વિવિધ કાર્યક્રમો થકી દેશની માટીને નમન, દેશનાં વીર–વીરાંગનાઓને વંદન કરવામાં આવશે. રાષ્ટ્રધ્વજ ફરકાવીને રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવશે અને રાષ્ટ્રભાવનાં અદા કરવામાં આવશે.

આવો સૌ સાથે મળીને સહભાગી બનીને ''મારી માટી મારો દેશ'' માટીને નમન વીરોને વંદન' કાર્યક્રમમાં જોડાઈને આપણી રાષ્ટ્રભાવનાં, રાષ્ટ્રભકિતની ફરજ અદા કરીએ. ઉપરાંત આઝાદીનાં અમૃત મહોત્સવનાં પંચ પ્રણની પ્રતિજ્ઞા હાથમાં માટીનાં દીવડા લઈને કરીએ અને પોતાની સેલ્ફી લઈને ''મારી માટી મારો દેશ'' અભિયાનની વેબસાઈટ https://merimaa timeradesh. gov.in/step પર અપલોડ કરીએ, તેમ જિલ્લા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલા ખાતે પરશુરામ સેના દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા સમસ્ત બ્રહ્મસમાજ પ્રેરીત પરશુરામ સેના દ્વારા સરસ્વતિ સન્માન કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં ભૂદેવો, વિદ્યાર્થી હાજર રહ્યાં તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને પરશુરામ સેના દ્વારા મોમેન્ટો, પ્રમાણપત્ર તેમજ અન્ય ગિફટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનાં મુખ્ય અધ્યક્ષ ગીજુદાદા ભરાડ તેમજ સાવરકુંડલા બ્રહ્મસમાજનાં પ્રમુખ મુકેશભાઈ અને ગુજરાત ખાદીનાં મહામંત્રી પરાગભાઈ ત્રિવેદી તેમજ સમાજનાં હોદ્દેદારો અને દાતાનાં વરદ્ હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પરશુરામ સેનાની ટીમ અને પરશુરામ સેના પ્રમુખ અમિત પંડયાએ ખુબ જ જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. તેમ સતીષભાઈ પાંડેની એક યાદીમાં જણાવાયું હતું.

